અ. સૌ. સ્વર્ગસ્થ ભગલી બ્હેન સ્મર્ણાર્થે

श्री दुर्गा सप्तसतिनुं

मध्यम चरित्र

पूजन सहित

प्रसीद्धक

प्रितम नानाभाइ आचार्य.

छ. "सांदेर" प्रीन्टींग प्रेस भागातळाव—सुरत.

અ. સૌ. સ્વર્ગસ્થ ભગલી બ્હેન સ્મર્ણાર્થે

श्री दुर्गा सप्तसतिनुं

मध्यम चरित्र

पूजन सहित

प्रसीद्धक

प्रितम नानाभाइ आचार्य.

धी “ रांदेर ” प्रीन्टींग प्रेस भागातळाव—सुरत.

અ. સૌ. સ્વ. મુક્તા પ્રત્યે શોકોદ્‌ગાર.

શિશુવયે કરી કિલ્લોલ ભાષ્ય કાલાં ભાખતી
વડિલ વર્ગને અતિ અલ્હાદ ઊર આપતી
કનિષ્ટ ભાઇ બ્હેનસું રહી સદા હળીમળી
હવે એ વત્સ ભાવને સમર્પૂં અશ્રુ અન્જળી
યુવાવયે પતિ પદાબ્જ પૂજતી નિરન્તરે
શ્વસૂર, પિતૃ, પક્ષઉભય હર્ષ પામે અન્તરે
સતિત્વ વાટિકા ગ્રહી ગભીર શાણી સુશિળી
સુતાસમાન ભાવથી સમર્પૂં અશ્રુ અન્જળી
અસુર પ્લેગ રાચતો પ્રપંચી દુષ્ટ આશમાં

યથેચ્છ ભોગ પામવા
ફસાવી ભક્ષ પાશમાં
અમાંસ ભાદ્રવા દિને
શ્મશાન મારગે પળી
સગાં કુટુમ્બી સૌમળી
સમર્પે અશ્રુ અન્જળી
અરેરે! આજથી કદી
નકયાંય દષ્ટિએ પડે
તથાપિ ગુણ રૂપ તું
હમ્મેશ સ્મૃતિએ ચડે
હશે નિવાસ સ્વર્ગમાં
નિશંક બ્હેન "મંગળી"
અક્ષય્ય તૃપ્તિ પામ લેઇ
આ નિવાપ અન્જળી!

निवापांजलि.

ત્રિંભગી.

અંજસે સુહૃદયા, પ્રીણીતમયા, બગલી બલાકા નમ્યનલે
જઘન્યજજપતો, તનમન દમતો, ગતાસુભગિની ધર્મદિલે
લિપ્તકવત્ લાગ્યું, મરણ તમારૂં, લીલાસુસ્મરૂં, દગ્ધબનું
દેઉં તટિ તાપી, અશ્રુ અંજલિ વેકર જોડી, યાદ કરૂં
ધન્ય ધવલા બ્હેની, ઋષિદેની, નતભૃત્યહૃદયે, દદવ છબિ
રિધમરિઐવિરહે, વારિહૃદયબ્હે, સ્વિકાર સ્નેહે, દર્શાવિશી
ભારતી ભારતે, રિકુથ્યવરદદે, કામિની તું સમ, વિશ્વવસે
વન્દન કરૂં વાસુ, નિરખી નિકાશે, રત્નસૂ આંસુ નેત્ર ધસે

સોરઠો.

અન્જલિદે ધરિ ભાવ, પ્રિતમ અશ્રુવારિની
બગલી બ્હેન સ્વિકાર, નર્મ-દ-યા-દર્શાવિને

જન્મ.

આર્યા.

વિક્રમ સંધી લોકે[૩], ગુણ[૩] નિધિ[૯] શશિ[૧] નભસ્ય મહિને
કૃષ્ણ રૂદ્ર[૧૧] તિથિ દિવસે, વાસરચંદ્ર જન્મ શુભ દિને
સુરત નગર વડનાગર બ્રાહ્મણજ્ઞાતિ શ્રીયુત્ દેસાઇ
મ્હોટાભાઇતણે ગૃહ, હર્ષિતકુંવરી વધાઇ હર્ષદાઇ.

પતિસહવાસ.

ત્રોટક.

સતિએ પતિને દિલથીજ ભજ્યા, અસુ અર્પિ સદા
મન વાણી સજ્યાં
તનથીજ સુસેવ સદા કરતી, બદલા તણી આશ
નહીં ધરતી

પતિને ઉચ્ચ ઉન્નતિ માર્ગ ચઢયા, નિરખી કિધ
જન્મની સાર્થકતા
પતિ સહ સહવાસે સૂખનો સુર્ય માણ્યો
પતિ ઈહુ ગતિમાની દેહ કૃતાર્થ માન્યો
પતિ પુઠ અનુગામિ-ની રહી પેઠ છાંય
ગુણિયલમુજ બ્હેની, હાય! હું શોધું કયાંય !!
પતિ તણા સુ કાર્યમાં ઉત્સાહ અંગ આપતી
સુમિત્ર પેઠ ધુરધારિ કષ્ટ ઢેર કાપતી
શ્રદ્ધાથી ભકિત વા કરેજ સેવ દાસી થૈ છતી
પતિજ પુજ્ય દેવને હ્રદે સદા આરાધતી
તપસ્વિની પેઠે મુખ કમળ તેજસ્વિન દિસે
સુસાધ્વીના સંગે; પતિ અતિશ સ્વર્ગીય સુખલે
ક્ષમાને સૌજન્ય, વિનય ભરિકર્તવ્ય, વ્યનિશઠા

અલંકારો એતો, મનહર ચરિત્રે ખુબ ધર્યા
પુષ્પ સકોમળ હૃદયે ધાર્મિકતાના કઠણ કવચ માંહે
ઢંકાયેલ રહેતું, પરમારથને પરાર્થ પડદામાં

વસન્ત તિલકાવૃત,

પુત્રિ હતી કુલિન બાપની કિન્તુ તોયે
પત્ની હતી વળી સુમંત્રિ તણી તું તોયે
સ્વાભાવિકા કુલિનતા મહતા હતાં બે
તદપિ ન માન મગરૂરી કરી કદિ તેં

શાર્દુલ વિક્રિડિત,

સીતા સાદૃશ શુદ્ધ બુદ્ધ મધુરી પ્રેમી પતિ પાશમાં
માતા ભૂવન મોહિનિ પતિ પ્રતિ રે'તી સદા હાશ્યમાં
આ સિંહાસન કીધ અન્તર રૂપી મૂર્તિ પતિ સ્થાપિ તે
સીતારામ સમાન યુગલ દિસે હાહા થયું ખન્ડિતે!!!

સાવિત્રિ ધવલી સમી ધવ તણા હિતાર્થ કાયા કશી
રાખી ભક્તિ પતિ પ્રતિ દમયતી ગુણે સદા સાદૃશી
જ્યોતિ મૂર્રતિ પ્રેમ જેમ પતિનો તેવો સતિ નાપરે
જેવો રામ સીતાપરે વધુ વળી સાવિત્રિ સત્યવાનનો
વિનય સુશિલ પ્રિય વાદિન, મેધાદિ સદ્ગુણો ભર્યો તેથી
કૌશલ્યા સુમિત્રા સમાન પ્રિય થઇ પડી ઉભય કુળે

શોક.

લલિતછંદ.

ઉપર સૌ લખ્યું વ્હાલ આણીને કથન શું હવે દાખું જાણીને
મરણ લેખતો ધિક્ક વાણીને પણ લખું ઘટે લેખિણી કને
હૃદય કૂપતો, પ્રેમનોભર્યો, મરણનો લગ્યો ઘાવ સોંસરો
કુપિ ગઈફૂટી નીરનેન થી, ઉપરથઇ વહ્યું અશ્રુ રૂપથી
વિષમ જ્વર વ્યાપ્યો, એની થૈ વિષ અંગે

કમળ ફુલ કુમાયું, ગૈતજી સ્નેહ સંધે
વટપતન વિષે તું, સ્વામિ સાથે રહીને
જીવિત કિધ કૃતાર્થી, યજ્ઞભર્તા કરીને
ઝટ દઇ હુતિયરો, પ્રાણ ઉત્સર્ગ કીધો
પતિ દરશણ વેળા, સ્વર્ગનો પંથ લીધો.

દોહરા.

થોડામાં ગુણ દાખવી ગઇ સ્વર્ગ સદન
તુજ વિરહે ઝુરૂં ઘણો કનિષ્ટ ભ્રાતૃમંન

ગઝલ.

અરે મમ બ્હેન ગુણિઅલરે ઘણું ઝુરૂં વિયોગે હું
શશિ[૧] દર્શન[૬] ભક્તિ[૯] ભૂ[૧] નભસ્ય શુકલ મુક્તિ[૪] તું
હતો સ્નેહ સૂર્યને વિશે, દેતી નિત અર્ઘ પૂજા વિષે

દઇ અસ્વર્ધ્ય તજી ભૂમિ, ગઇ સૂર્ય લોકભળી તું ગઇ
ગયો પૂર્વે છપનીંઆમાં સુપુત્ર તૂજ ચન્દ્રસમો
મુ૭નિ વર્ષે સિધાર્યો તે, ભેટિ તેને તું લ્હાવોલે,

મંદાક્રાન્તાવૃત.

બ્હેની ત્હારા ઉભય તનુજો, રોદતા ચાલિ મેલી
પીતા માતા રૂદન કરતાં, નેનમાં અશ્રુહેલી
હાસે ત્રાસે ઉભય તનયા, તાહરો શોક પાળે
ભ્રાતા ત્હારો પલપલ રડતો, જેમ તું યાદ આવે
વારેવારે, પતિ તું વિરહે, રામની સ્થિતિમાણે
જેવી પ્રીતી હુતી શિવ પ્રતિ, પાર્વતિની પ્રમાણે
ભૂલી જૈયે ક્ષણિક ભવને શોક શું કામનો છે
જ્યારે ત્યારે સૌઇહુપથે ચાલશે છે જનોજે.

વિદ્યાભ્યાસ.

માલિનિ.

વય મુનિ વસુ વર્ષે નિજપોશાળ જાતાં
સમવય સખિયોમાં, શ્રેષ્ટતો તે મનાતાં
ગુરૂગણ વરગોની, પ્રીત તો પૂર જામી
ચકિત કરીં ગુરૂને, તું પ્રશંસાજ પામી

હરિગીત છંદ.

લાડકેરૂં નામ તે તો લાડમાં બોલાય છે, હર્ષિતકુંવરી
હર્ષ વાધે તેહુથી મનાય છે
"**યથાનામા તથા ગુણા**" તેહમાં પૂરણ ભર્યા, જે હર્ષ
સૌાને પ્રાપ્ત કરવા વિરંચી એ આવર્યા
પ્રેમ આખી સૃષ્ટિનો લઇ પૂતળું એકજ ઘડયું, હસ્ત-
રજ ખંખેરતાં તે સર્વને અંતર પડયું.

તેથીજ બગલી નામ એવું શાણી સમજુ સદગુણી,
હર્ષ વાધ્યો સર્વને તેથીજ હર્ષિત કુંવરી.
મૂખ જાણે ચન્દ્ર સુઆનંદિ હાશ્યવિનોદિની, ગૌરકાન્તિ
કમળઅક્ષિ અંગ કદલી સુશિલી-
ભાવ તેથી ઉપજે પાડોશી આપ્ત સમૂહને, અન્ય
ન્યાળે નજર તે તો મોદ પામે ઉરને.
બાલ્ય વયમાં કાલુંકાલું બોલી આનંદ આપતાં. અચ્છું
રમકડું સર્વનું તે હર્ષથી બોલાવતાં.

શિખરિણી.

સતી શૈલ્યા જેવું, તુજ ચરિત સૌન્દર્ય ભરિયું
વિદુષી આનંદી, સમય મુજબે જ્ઞાન ધરિયું.
બની ગાર્ગી જેવી, ઉચ્ચ પિયરમાં શિક્ષણ ગ્રહ્યું.
સદાચારી નીતિ, તન સરસ્વતિ ભૂષણ ધર્યું.

સરસ્વતિ સુભારતી સમાન જ્ઞાન મેળવ્યું.
અધ્યાત્મ જ્ઞાનને વ્યવ્હારિ ભાન ધ્યાન કેળવ્યું.
લિલાવતી સમાન શ્રી સુબુધ્ધિશાળિ ચંચળા
ઉત્સાહિ ચિત્ત સુશિલા, સુદૃઢ મંન નિર્મળા.
જેની રીતિ સુનીતિ વૃત્તિ ઉરમી, આધ્યાત્મિકા દિસતાં.
જેકીં શિક્ષણુ આચરે નજર તે ધાતા પરે ધારતાં.
બાહ્યા ડમ્ભરનો અનાદર કરી, ખોટી મહત્તા હરી.
મીરાં જેવું સુસ્વચ્છ અંતર કરી, સદ્‌ગુણ છત્રો ધરી.

લગ્ન

હરિગીત છંદ.

સુરતવાસી રાવ્બહાદુર શ્રેષ્ટ સાક્ષર ગુર્જરા
શ્રીયુત્ મ્હેતા નંદશંકર ગૃહે મનુસુત અવતર્યાં
મનુવત્ મનુભાઇ સુ મમ બ્હેન વિવાહ આદર્યાં

લગ્ન ગ્રંથિથી ગુથાણાં "મણિ કુન્દન સુજડયે!"
દિસે સુચિન્હો ચર્ણનાં, સદ્‌ભાગ્યશાળી પતિ કર્યા
યુનિવર્સિટિ પસ્સાર કીધી, પદક સોનાના ધર્યા
વળી માન્યવાળા એમ. એ. એલ. એલ. બી. ના પદ મળ્યા
શ્રીમંત સયાજી તણા મંત્રી બન્યા દમ્પતિ સુખથયાં



मूलेनआचम्यप्राणानायम्य ॥ श्रीगणेशायनम : ॥ सुमुख
श्चैकदंतश्च कपिलेगजकर्णक : ॥ लंबोदरश्चविकटोविघ्ननाशो
विनायक : ॥ १ ॥ धुम्रकेतुर्गणाध्यक्षोभालचंद्रोगजानन.
द्वादशैतानिनामानिय : पठेच्छृणुयादपि ॥ २ ॥ विद्यारंभेवि
वाहेचप्रवेशे निर्गमेतथा ॥ संग्रामेसंकटेचैवविघ्नस्तस्यनजा
यते ॥ ३ ॥ शुक्लांबरधरंदेवंशशिवर्णंचतुर्भुजं ॥ प्रसन्न
वदनंध्याये त्सर्वविघ्नोपशांतये ॥ ४ ॥ अभीप्सितार्थसित्ध्य
र्थंपूजितोय : सुरासुरै : ॥ सर्वविघ्नहरेस्तस्मैगणाधिपतये
नम : ॥ ५ ॥ हस्तेजलमादाय ॥ अद्येत्यादि तिथौ ममात्मना
पुराणोक्तपुण्यफलप्राप्त्यर्थं श्रीमहाकाली महालक्ष्मि महा
सरस्वति स्वरुपिणी त्रिगुणात्मका महालक्ष्मिप्रीत्यर्थमष्टोत्तर
शतनवार्णमंत्रेणसंपुटितमध्यम चरित्रस्तोत्र पाठाख्यंकर्मंकारि
ष्ये तत्रादौनिर्विघ्नार्थं गणपतिस्मरण नवार्णन्यास पूर्वक
यथाशक्तिदेविपूजनेचकरिष्ये ॥ वक्रतुंडमहाकाय सूर्यकोटि

समप्रभो ॥ अविघ्नंकुरुमेदेव सर्वकार्येषुसिद्धिद महागणपत
येनम : सर्वोपचारार्थे नमस्कारं समर्पयामि ॥ अथन्यास : ॥
ब्रह्माविष्णुरुद्रऋषिभ्यो नम : शिरसि ॥ गायत्र्युष्णिगनुष्टुप्
छन्दोभ्येनम : मुखे ॥ महाकाली महालक्ष्मि महासरस्वति
देवतायैनम : हृदि ॥ ऐं बीजाय नम: गुह्ये ॥ र्‍हीं शक्तयेनम :
पादयो : क्लीं कीलकायनम : सर्वांगे मूलनकरौसंशोध्य ॥
ऐं अंगुष्ठाभ्यांनम : र्‍हींतर्जनीभ्यांनम : क्लींमध्यमाभ्यांनम :
चामुंडाये अनामिकाभ्यांनम : विच्चेकनिष्ठिकाभ्यांनम : ऐं
र्‍हीं क्लींचामुन्डायैविच्चे करतलकर पृष्ठाभ्यांनम : अथहृद
यादि न्यास : ॥ ऐं हृदयायनम : र्‍हीं शिरसेस्वाहा : क्लीं
शिखायैवषट् चामुंडाये कवचायहुं विच्चेनेत्रत्रयायवौषट्
ऐं र्‍हीं क्लींचामुंडाये विच्चेअस्त्रायफट् ॥

ऐंनम : शिखायांर्‍हींनम : दक्षिणनेत्रेक्लीनम : वामनेत्रे ॥
चांनमोदक्षिणकर्णे ॥ मुनमोवामकर्णे ॥ डानमोदक्षिणनाशा

पूटे ॥ यैनमोवामनाशापूटे ॥ विनमोमुखे ॥ च्चैनमोगुह्ये ॥ मूलेन अष्टवार व्यापकंकुर्यात् ॥ ऐंनम : प्राच्यैऐंनम : आग्नेय्यै॥ र्‍हींनम : याम्यां ॥ र्‍हींनम : नैर्ऋत्यै ॥ क्लींनम : प्रतिच्यै ॥ क्लींनम : वायव्यां ॥ चामुंडायैनम : उदीच्यै ॥ चामुंडायै-नम : ईशान्यै ॥ विच्चेनम : ऊर्ध्वायै ॥ विच्चेनम : पृथ्व्यै ॥

॥ अथध्यानम् ॥ खड्गंचक्रगदेषुचापपरिघान्शूलंभुशुंडींशिर : शंखंसंदधतींकरैस्त्रिनयनांसर्वांगभूषाभृताम् ॥ नीलाश्मद्युति मास्यपाददशकांसेवेमहाकालिकांयामस्तौत्स्वपिते हरौकमल जोहतुंमधुंकैटभम् अक्षस्रक्परशुंगदेषुकुलिशंपद्मंधनु : कुंडिकां दंडंशक्तिमसिंचचर्मजलजंघंटांसुराभाजनम् ॥ शूलंपाशसुदर्श नेचदधतींहस्तै : प्रवालप्रभांसेवेसैरिभमर्दिनीमिहमहालक्ष्मी सरोजस्थिताम् ॥ २ ॥

घंटाशूलहलानिशंखमुसलेचक्रंधनुःसायकंहस्ताब्जैर्दधतीं घनांतविलसच्छीतांशुतुल्यप्रभाम् ॥ गौरीदेहसमुद्भवांत्रिजग

तामाधारभूतांमहापूर्वामत्रसरस्वतीमनुभजेशुंभादिदैत्यार्दिनीम् ॥ ३ ॥ इतिध्यात्वापूजा मारभेत् ॥ अथावाहन ॥ सर्वलोकस्यजननीं शूलहस्तां त्रिलोचनाम् । सर्वदेवमयीमीशां देवीमावाहयाम्यहम् ॥ १ ॥ जयन्तीमंगला कृष्णा भद्रकालीकपालिनी । दुर्गाक्षमा शिवाधात्री स्वाहास्वधानमोस्तुते ॥ श्रीमन्महालक्ष्मी महाकाली महासरस्वतिभ्योनम : ॥ आवाहनंसमर्पयामि॥तप्तकांचनवर्णाभंमुक्तामणिविराजितम् । अमलंकमलंदिव्यमासनं प्रतिगृह्यताम् ॥ श्रीमन्महालक्ष्मि महाकाली ० आसनंस० ॥ २ ॥ गङ्गादि तीर्थसंभूतं गन्धपुष्पादिभिर्युतम् । पाद्यंददाम्यहंदेविगृहाणाम्बु नमोस्तुते ॥ श्रीमन्महालक्ष्मि महाकालि महासरस्वतिभ्योनम : ॥ पाद्यपात्रात् पाद्यंस० ॥ ३ ॥ अष्टगन्धसमायुक्तं स्वर्णपात्रप्रपूरितम् । अर्घ्यंददाम्यहंदेविप्रसीदत्वं महेश्वरी श्रीमन्महा ० अर्घपात्रात् हस्तयोरर्घ्यंस० ॥ ४ ॥ कर्पूरवासितंतोयं मंदाकिन्या: समाहृ-

तम् । आचम्यतां महालक्ष्मिमयादत्तांहि भक्तित : ॥ श्रीमन्महा० आचमनीयपात्रात् आचमनीयंस० ॥ ५ ॥ स्नानंतव महालक्ष्मि कर्पूरागरुवासितम् । सुतीर्थेभ्य : समानीतं स्नानंतत्प्रतिगृह्यताम् ॥ श्रीमन्महा ० मलापकर्षणस्नानंस ० ॥ ६ ॥ पञ्चामृतस्नानम् ॥ पञ्चामृतंमयानीतं पयोदधिघृतंमधु । शर्कराजलसंयुक्तं स्नानार्थंप्रतिगृह्यताम् ॥ श्रीमन्महा० पञ्चामृतस्नानंस० ॥ सर्वकालुष्यहीनाय परिपूर्णसुखात्मने । मधुपर्कमिदं देवीकलपयामिप्रसिदमे ॥ श्रीमन्महा ० मधुपर्कंस ० मधुपर्कस्नानान्ते सुद्धोदकस्नानंस ० ॥ गन्धादिसंपूज्य ॥ उत्तरे निर्माल्यंविसृज्य ॥ लक्ष्मिसूक्तेन अभिषेकंकुर्यात् । अथ लक्ष्मिसूक्तम् ॥

इन्द्रउवाच । नमस्तेसर्वलोकानांजननीत्रिगुणात्मिका । श्रेयस्कृताचपद्माक्षीविष्णोर्वक्ष स्थलेस्थिताम् १ त्वंसिद्धिस्त्वं स्वधास्वाहासुधात्वंलोकपावनी । संन्ध्यारात्रीः प्रभाभूमिर्मेधाश्र

द्धासरस्वती २ यज्ञविद्यामहाविद्यागुह्यविद्यासुशोभना। आत्म
विद्याचदेविग्वंविमुक्तिः फलदायिनी ३ आन्विक्षिकीत्रयीवार्त्ता
दण्डनीतिस्त्वमेवच। सौम्यासौम्यैर्जगत्पूज्येत्त्वयैतद्देविपूरितम्
४ कान्त्यात्वयाभृतंदेविसर्वंयज्ञमयंवपु:। अध्यास्तेदेवदेवेशि
योगिचिन्त्यगदाभृता ५ त्वयादेविपरित्यक्तंसकलंभुवनत्रयम्।
निविष्टप्रायमभवत्त्वये दानींसमेधितम् ६ दारापुत्रास्तथागाव:
सुरद्यान्यंधनादिकम्। भवत्येवंमहाभागेनित्यं त्वद्वीक्षणान्नृणाम्
७ शरीरारोग्यमैश्वर्यमरिपक्षक्षय: सुखम्। देवित्वदृष्टिदृष्टानां
पुरुषाणांतुदुर्लभम् ८ त्वंमातासर्वभूतानांदेवदेवोहरि: पिता।
त्वयैतद्विष्णुनाचाम्बजगद्व्याप्तंचराचरम् ९ मान: कोशास्तथा
कुप्यंमद्गृहंमत्परिच्छदम्। मांशरीरंकलत्रंचत्यजेथा: सर्वपाव
नि १० मत्पुत्रान्मत्सुहृद्वर्गंमत्पशून्मद्विभूषणम्। त्यजेथाममदे
वस्यविष्णोर्वक्षस्थलालये ११ सत्वेनसत्वशौचाभ्यांतथाशीला
दिभिर्गुणै:। त्यज्यतेतेनरा: सद्य: संत्यक्त्वायेत्वयानघे १२

त्वयाविलोकिताःसद्यःशीलाद्यैरखिलैर्गुणैः । कुलैश्वर्यैश्चवर्द्ध
न्तेपुरुषानिर्गुणाह्यपि १३ सश्लाघ्य : सगुणीधन्य : सकुलीनः
सबुद्धिमान् । सशूर : सत्वविक्रान्त स्त्वयादेविविलोकित :
१४ सद्योवैगुण्यमायातिशीलाद्या : सकलागुणा : । पराङ्मु-
खीजगद्धात्रीयस्यत्वंविष्णुवल्लभे १५ नतेवर्णयितुंशक्तागुणा-
वासुकिजिह्वया । प्रसीददेविपद्माक्षिनःस्माभिस्तुकदाच्च
१६ इतिषोडशमन्त्रैर्देवी न्यासंसमर्पयामि । फलश्रुति : । श्री
पराशरउवाच । एवंश्री : संस्तुतासम्यक् प्राहतुष्टाशतक्रतुम् ।
श्रृण्वतांसर्वदेवानांसर्वभू तास्थिताद्विज १७ श्रीरुवाच ।
परितुष्टास्मिदेवेशास्तोत्रेणानेनतेहरे । वरंवृणीष्वभद्रम्भो वर-
दाहंतवागता १८ इद्रउवाच । वरदायदिमेदेविवराहोयदिवा-
सव : । त्रैलोक्यंनत्वया त्याज्यमेषमेस्तुवर : पर : १९
स्तोत्रेणयस्तथै तेनत्वांस्तोष्यत्यब्धिसंभवे । सत्वयानपरि
त्याज्योद्वितीयोस्तुवरोमम २० श्रीरुवाच । दत्तोवरोमयाय

स्तेस्तोत्राराधनतोषिता । यश्चसायंतथाप्रात : स्तोत्रेणानेन मानव : २१ मांस्तोष्यतिनतस्याहं भविष्यामिपराङ्मुखी २२ श्रीपराशरउवाच । एवंददौवरंदेवी देवराजायवैपुरा । मैत्रेयश्रीर्महाभागास्तो त्राराधनतोषिता

२३ भृगो : ख्यात्यांसमुत्पन्नाश्री : पूर्वमुदधे : पुन : । देवदानवयत्नेनसं श्रतामृतमन्थने २४ एवंयदाजगत्स्वामी-देवदेवोजनार्दन : । अवतारंकरोत्येषस्तथाश्री स्तत्सहायि-नी २५ पुनश्चपद्माद्भुम्दूतआदितोभूद्यदाहरि : । यदाचभा-र्गवोरामस्तदाभूद्धर णीस्त्वयम् २६ राघवत्वेत्सीतारुक्मि-णीकृष्णजन्मनि । अन्येषुचावतारेषुविष्णोरे षासहायिनी २७ देवत्वेदेवेषुदेवत्वंमनुष्यत्वेतुमानुषी । विष्णुदेहानुरूपांवै करोत्येषात्मन : कृतीम् २८ यश्चैतच्छृणुयाज्जन्मलक्ष्म्याश्चस-ततंनर : श्रियानापिच्युतिस्तस्यगृहेया वत्कुलत्रयम् २९ पठंतेयेपुच्चवेयंगृहेषुश्रीस्तुतिर्मुने । अलक्ष्मी : कलहोव्याधि-

नैभवन्तिकदाचन ३० एततेकथितंब्रह्मन्नन्मांत्वंपरिपृच्छति
। क्षीराब्धैः श्रीर्यथाजातापूर्वंभृगुसुतासती ३१ इतिसकल
विभूतिलब्धिहेतोस्तुतिरियमिन्द्रमुखोद्गताहिलक्ष्म्याः अनुदिन
मि हपठ्यतेभिर्नृयैर्भवतिनतेषुकदाचिदल्पलक्ष्मीः सरसिज
निलयेसरोजहस्तेधवल तराम्बुजगन्धमाल्यशोभे । भगव
तिहरिवल्लभेमनोज्ञेसकलविभूतिकरेप्रसीदमह्यम् ॥ शान्ति
शान्ति शान्तिः ॥ अभिषेकान्ते शुद्धोदकस्नानम्स० ॥
दिव्याम्बरंनवंसूक्ष्मं क्षौमंचातिमनोहरम् । दीयमानंमयादे
विगृहाणजगदम्बिके ॥ वस्त्रंस० ॥ वस्त्रान्तेआचमनीयंस०
॥ नानारूपधरेदेवीसर्वलोकमहिश्वरीम् । रत्नसिंहासनंलोक
नायिकेस्विकुरूष्वतत् ॥ श्रीमन्महा० रत्नसिंहासनार्थंपुष्पं
परिकल्पयामि ॥ सरस्वति प्रियंगौरि सर्वलंकारभूषणैः
। सर्वसौभाग्यदेदेविकञ्चुकिप्रतिगृह्यताम् ॥ श्रीमन्महा०
कञ्चुकिस० ॥ इदमाभरणंदिव्यं स्वर्णरोप्यादिनिर्मितम् ॥

भूषणार्थंशरीरस्य गृहाणसुरनायिके ॥ श्रीमन्महा० आभरणंस० ॥ चूर्णहरिद्रारजनी सौभाग्यं सुखदंशिवे गृहाणत्वं मयादत्तं सुसुगन्धंमनोहरम् श्रीमन्महा० हरिद्राचूर्णंस० ॥ देविदेवि महादेविसुभगेशान्ततारके । अक्षिभ्यांकज्जलंदत्तं गृहाणपरमेश्वरिम् ॥ श्रीमन्महा० कज्जलंस० ॥ सिन्दुरंश्रीमतंदेवि सर्वमांगल्यदायकं । सर्वरत्नाधिकंदीव्यं सिन्दुरं मुररिकुरु ॥ श्रीमन्महां० सिन्दुरंस० ॥ श्रीखण्डागरुकर्पूर मृगनाभिसमन्वितम् । विलेपनं गृहाणाशुनमस्तेभक्तवत्सले ॥

श्रीमन्महा० गन्धंस० । पारिजातोभ्दवंरक्तं चन्दनंकुङ्कुमेर्युतम् । महालक्ष्मिगृहाणत्वं सुखसंपतिदायनि ॥ श्रीमन्महा० रक्तचन्दनंस० ॥ कुङ्कुमसर्वसौभाग्यं सुराणांप्रीति वर्धनं । पवित्रं मंगलंदेवि कुङ्कुमंप्रतिगृह्यताम् ॥ श्रीमन्महा० कुङ्कुमस० ॥ कंठसूत्रंच्च सौभाग्यं तवैवहृदिभूषितम् । नानामुक्तासुवर्णाढयंकुङ्कु मंच्चार्चितंमया ॥ श्रीमन्महा० पुष्पमालांस०

॥ उग्रद्वारेचोग्रभयि दुष्टासुरनिबर्हिणि । पूजांकरोमिचाबङ्घ्रि पल्लवैर्नन्दनोद्भवै : ॥ श्रीमन्महा० पञ्चपल्लवान्स० ॥ दूर्वादलेश्यामलेत्वं महिरूपेहरिप्रिये । अतोहंदुर्वयात्वांहिपूजयामिशिवप्रिये ॥ श्रीमन्महा० दूर्वाङ्कुरान्स ० ॥ अक्षताश्चसुराश्रेष्ठा कुङ्कुमाक्ता सुशोभिता । मयानिवेदिताभक्त्या गृहाण परमेश्वरी ॥ श्रीमन्महा० अक्षतान्स० ॥ चम्पकाद्यजपापुष्पै : शतपत्रैर्विचित्रिताम् । पुष्पमालां प्रयच्छामिगृहाण जगदम्बिके ॥ श्रीमन्महा० पुष्पमालांस० ॥ यथावकाशेनदेव्यास्तु सहस्रनामभि : पुष्पाक्षतादिभिरर्चयेत् ॥ आयुर्वृद्धिश्वेतचूर्णं सुगन्धंदेवताप्रियम् । गृहाणदेवदेवेशाश्वेतचूर्णमदायतस् ॥ यच्चूर्णंरक्तवर्णाभंसुखसम्पतिकारकम् । पूजनीयंप्रयत्नेनदत्तंतत्प्रतिगृह्यताम् ॥ श्रीमन्महा० सौभाग्यद्रव्यंस० ॥ दशांङांगुगलंधूपंचन्दनागरुसंयुतम् । एतेषामुत्तमंधूपंमहादेव्यैनिवेदये ॥ श्रीमन्महा० धूपंस० ॥ सुप्रकाशोमहादीप:सर्व-

त्रतिमिरापह : । बाह्यमभ्यन्तरंज्योतिर्दीपोयंप्रतिगृह्यताम् ॥ श्रीमन्महा० दीपंस० ॥ नैवेद्यंपुरतोधृत्वा ॥ मूलमन्त्रेणसंप्रोक्ष्य धेनुमुद्रां चक्रमुद्रांप्रदर्शयनैवेद्यं प्रतिगृह्यताम् ॥ शर्करा खण्डखाद्यानिदधिक्षीरघृतानीच्चआहारंभक्ष्यभोज्यंच्चनैवेद्यं प्रतिगृह्यताम् ॥ श्रीमन्महा० नैवेद्यंस ० ॥ ग्रासमुद्रांप्रदर्शयेत्— प्राणायस्वाहा अपानायस्वाहा व्यानायस्वाहा समानायस्वाहा उदानायस्वाहा नैवेद्यान्तेआचमनीयंस०करोद्वर्तनार्थगन्धंस०॥ नागवल्लीदलंदिव्यंपूगीफलसमन्वितं । कर्पूरेणसमायुक्तंताम्बुलंप्रतिगृह्यताम् ॥ श्रीमन्महा० ताम्बुलंस०॥ इदंफलं मयादेवीस्थापितंपुरतस्तव । तेनमेसफलावयाप्तिर्भवेज्जन्मनी जन्मनी ॥ श्रीमन्महा० मुखवासार्थपूगीफलताम्बुलंस ० ॥ हिरण्यगर्भगर्भस्थहेमबीजंविभावसो । अनन्तपुन्यफलदमत्तः शान्तिप्रयच्छमे ॥ श्रीमन्महा० दक्षिणांस ०॥ चंद्रादित्यौच्चधरणि विद्युदग्निस्त्वमेवच्च । त्वमेवसर्वज्योतिषि आरार्त्तिकं

प्रतिगृह्यताम् ॥

॥ जयदेवि जयदेवि जयसुंदरि तनये श्रीसुंदरि तनये
॥ निशिदिन वसंतकुरुभव ईश्वरिममहृदये ॥
बिन्दुगुणकोणान्वित षट्कोणंवृत्तं तदुपरि वसुदलपत्र
वर्तुलमपिधृत्तं ॥
द्विगुणीकृतवसुपत्रं मोहितहरचित्तंद्वारचतुष्टयनिर्मित-
यंत्रोपरितंत्रं ॥ जयदेवि ०॥ १॥
वामंकलशापूरित विरचितमाधारं तस्मिन्द्रव्यंपूरितपू-
जितमाधारं ॥
एवंपंचावर्णित वर्णितगुणसारं मांदेहित्वंभुवनपिदुर्गसं-
सार ॥ जयदेवि ०॥ २॥

कलशामृतपरिपूरितनवपात्रसमेतंगणपतियोगिनिबटुक-
क्षेत्राधिकसहितं ॥
अर्चनविधिनासहितंश्रीगुरुविधिवंतं तारक पंडितवदना
भक्त्याखिलधत्तं ॥ जयदेवि ०॥ ३॥

श्रीमन्महा० निराजनंस ०॥ यानिकानीचपापानिइह-
जन्मकृतानिच। तानिसर्वाणिविनश्यन्तिप्रदक्षिणंपदेपदे ॥
श्रीमन्महा० प्रदक्षिणान्स ०॥ खड्गशूलगदादीनियानिचास्त्राणि-
तम्बिके। करपल्लवसंगीनितैरस्मान्रक्षसर्वत : ॥ श्रीमन्महा०
स्तुतिपाठंस ०॥ अनयापूजयाश्रीमहाकालीमहालक्ष्मिमहास-
रस्वत्यात्मकश्रीमद्दुर्गाकात्यायनिचन्डिकाप्रीयताम् ॥

मध्यमचरित्रस्यविष्णुरुषि: उष्णिक्छंद ॥ शाकंभरि-
शक्तिः। दुर्गाबीजं। वायुस्तत्वं। यजुर्वेदस्वरूपिणिमहा-
लक्ष्मिप्रीत्यर्थेजपेविनियोगः॥ रात्रिसूक्त ॥

विश्वेश्वरींजगद्धात्रींस्थितिसंहारकारिणीम् ॥
निद्रांभगवतींविष्णोरतुलांतेजसः प्रभुः॥ ५३ ॥
ब्रह्मोवाच॥ त्वंस्वाहात्वंस्वधात्वंहिवषट्कारः
स्वरात्मिका॥ सुधात्वमक्षरेनित्येत्रिधामात्रा
त्मिकास्थिता ५४ ॥
अर्धमात्रास्थितानित्यायानुच्चार्याविशेषतः
त्वमेवसात्वंसावित्रीत्वंदेविजननीपरा ५५
त्वयैतद्धार्यतेविश्वंत्वयैतत्सृज्यतेजगत् ॥
त्वयैतत्पाल्यतेदेवित्वमत्स्यंतेचसर्वदा ॥ ५६ ॥
विसृष्टौसृष्टिरूपात्वंस्थितिरूपाचपालने ॥
तथासंहृतिरूपांतेजगतोस्यजगन्मये ५७ ॥

महाविद्यामहामायामेहामेधामहास्मृति : ॥
महामोहाच्चभवतीमहादेवीमहासुरी ॥ ५८ ॥
प्रकृतिस्त्वंचसर्वस्यगुणत्रयाविभाविनी ॥
कालरात्रिर्महारात्रिर्मोहरात्रिश्चदारुणा ५९ ॥

त्वंश्रीस्त्वमीश्वरीत्वंन्हिस्त्वंबुद्धिर्बोधलक्षणा
लज्जापुष्टिस्तथातुष्टिस्त्वंशांतिःक्षांतिरेवच. ॥ ६० ॥
खड्गिनीशूलिनीघोर गदिनीचक्रिणीतथा ॥
शंखिनीचापिनीबाणभुशुंडीप आयुधा ॥ ६१ ॥

सौम्यासौम्यतराशेषसौम्येभ्यस्त्वतिसुंदरी
परापराणांपरमात्वमेवपरमेश्वरी ॥ ६२ ॥

यच्चकिंचित्कचिद्वस्तुसदसद्वाखिलात्मिके ॥
तस्यसर्वस्ययाशक्तिः सात्वंकिंस्तूयसेतदा ६३ ॥
ययात्वयाजगत्स्रष्टाजगत्पातात्तियोजगत् ॥

सोपिनिद्रावशंनीतः कस्त्वांस्तोतुमिहेश्वरः ॥ ६४ ॥
विष्णुः शरीरग्रहणमहमीशानएवच ॥ कारि
तास्तेयतोतस्त्वांकस्तोतुंशक्तिमान्भवेत् ६५
सात्वमित्थंप्रभावैः स्वैरुदारैर्देविसंस्तुता ॥
मोहयैतौदुराधर्षावसुरौमधुकैटभौ ६६ ॥
प्रबोधंचजगत्स्वामीनीयतामच्युतोलघु ॥
बोधश्चक्रियतामस्यहंतुमेतौमहासुरौ ६७
॥नवार्णजपंकुर्यात्॥ऐंह्रींक्लींचामुंडायैविच्चे१०८वार.
गुह्यातिगुह्यगोप्त्रीत्वंगृहाणास्मत्कृतंजपं ॥
सिद्धिर्भवतुमेदेवित्वत्प्रसादात्सुरेश्वरि ॥

ऋषिरुवाच ॥ ॥ देवासुरमभूद्युद्धंपूर्णमब्दशतं
पुरा ॥ महिषेसुराणामधिपेदेवानांचपुरंदरे ॥ १ ॥

રૂષિ કહેછે અગાઉ અસુરનો અધિપતિ મહિષાસુર અને દેવતાઓનો અધિપતિ ઈંદ્ર હતો; તે વખત દેવતાઓ અને અસુરોને ૧૦૦ વર્ષસુધી ભારે યુદ્ધ થયું. ॥ ૧ ॥

तत्रासुरैर्महावीर्यैर्देवसैन्यंपराजितम् ॥ जित्वाच
सकलान्देवानिंद्रोभून्महिषासुर : ॥ २ ॥

તે વખતમાં મહા પરાક્રમી અસુરોએ દેવતાઓની ફોજનો પરાજય કર્યો, અને મહિષાસુર સર્વ દેવતાઓને જીતીને ઈંદ્ર થયો. ॥ ૨ ॥

ततः पराजितादेवा : पद्मयोनिंप्रजापतिम् ॥ पु
रस्कृत्यगतास्तत्रयत्रेशगरुडध्वजौ ॥ ३ ॥

પછી પરાજય પામેલા દેવતાઓ, કમલથી ઉત્પન્ન થએલા બ્રહ્માને આગેવાન કરીને જ્યાંહાં શિવ અને વિષ્નુ હતા ત્યાંહાં ગયા. ॥ ૩ ॥

यथावृत्तंतयोस्तद्वन्माहिषासुरचेष्टितम् ॥ त्रिदशा :
कथयामासुर्देवाभिभवविस्तरम् ॥ ४ ॥

અને દેવતાઓએ પરાભવ સાથે મહિષાસુરની બધી વાત બની હતી તેવી આ પ્રમાણે કહી દેખાડી. ॥ ૪ ॥

सूर्येंद्राग्न्यनिलेंदूनयमस्यवरुणस्यच ॥ अन्येषां
चाधिकारान्सस्वयमेवाधितिष्ठति ॥ ५ ॥

એ સૂર્ય, ઇંદ્ર, અગ્નિ, વાયુ, ચંદ્ર, યમ, વરૂણ, અને બીજા દેવતાઓના અધિકાર, પોતે દબાવી બેઠો છે. ॥ ૫ ॥

स्वर्गान्निराकृता : सर्वेतेनदेवगणाभुवि ॥
विचरंतियथामर्त्यामहिषेणदुरात्मना ॥ ६ ॥

તે દુષ્ટ મહિષાસુરે સ્વર્ગમાંથી કહાડી મુકેલા બધા દેવતાઓ; માણસની પેઠે પૃથ્વી ઉપર રખડેછે. ॥ ૬ ॥

एतद्व : कथितंसर्वममरारिविचेष्टितम् ॥
शरणंचप्रपन्ना : स्मोवधस्तस्यविचिंत्यताम् ॥ ७ ॥

દેવ શત્રુ મહિષાસુરનું આ બધું વૃત્તાંત અમે તમને કહ્યું અમે તમારે શરણે આવ્યા છીયે માટે તે મહિષાસુરને મારવાનો આપ વિચાર કરશો. ॥ ૭ ॥

इत्थंनिशम्यदेवानांवचांसिमधुसूदन : ॥
चकारकोपंशंभुश्चभ्रूकुटीकुटिलाननौ ॥ ८ ॥

આ પ્રમાણે મધુ દૈત્યને મારનારા વિષ્નુ તથા શિવજી, દેવતાઓનાં વચન સાંભળીને કોપાયમાન થયા, અને મ્હોડા ઉપર ભવાં ચડાવ્યાં. ॥ ૮ ॥

ततोतिकोपपूर्णस्यचक्रिणोवदनात्तत : ॥

निश्चक्राममहत्तेजोब्रह्मण : शंकरस्यच ॥ ९ ॥

પછી અતિ કોપાયમાન થએલા વિષ્નુના મ્હોડામાંથી, તેમજ બ્રહ્મા તથા શિવજીનાં મ્હોડામાંથી મ્હોટું તેજ નીકળ્યું. ॥ ૯ ॥

अन्येषांचवदेवानांशक्रादीनांशरीरत : ॥

निर्गतंसुमहत्तेजस्तच्चैक्यंसमगच्छत ॥ १० ॥

બીજા ઇંદ્ર વિગેરે દેવતાઓનાં શરીરમાંથી પણ ઘણુંજ ભારે તેજ નીકળ્યુ તે સર્વે એકઠું થઇ ગયું. ॥ ૧૦ ॥

अतीवतेजस : कूटंज्वलंतमिवपर्वतम् ॥ दद

शुस्तेसुरास्तत्रज्वालाव्याप्तदिगंतरम् ॥ ११ ॥

બળતા પર્વત જેવું અને જેની જ્વાળા ચારે દિશાયે ફેલાયલી છે એવું તે એકઠું થયેલું તેજ દેવતાઓયે જોયું. ॥ ૧૧ ॥

अतुलंतत्रतत्तेज: सर्वदेवशरीरजम् ॥ एक

स्थंतदभून्नारीव्याप्तलोकत्रयंत्विषा ॥ १२ ॥

સર્વે દેવોનાં શરિરથી ઉત્પન્ન થયેલું અને ત્રીલોકીમાં ફેલાઈ રહેલું કાંતિથી અનુપમ તેજ એકઠું થઇને સ્ત્રી રૂપ બની ગયું. ॥ ૧૨ ॥

यदभूच्छांभवंतेजस्तेनाजायततन्मुखम् ॥

याम्येनचाभवन्केशाबाहवोविष्णुतेजसा ॥ १३ ॥

શિવજીના તેજથી દેવીનું મુખ થયું. યમનાં તે-
જથી કેશ થયા. વિષ્નુનાં તેજથી બાહુ થયા. ॥ ૧૩ ॥

सौम्येनस्तनयोर्युग्मंमध्यंचैंद्रेणचाभवत् ॥
वारुणेनचजंधोरूनितंबस्तेजसाभुव : १४

ચંદ્રના તેજથી તેનાં બે સ્તન થયા. ઇંદ્રના તે-
જથી તેનો મધ્ય ભાગ (કડ) થઇ. વરૂણના તેજથી
જાંઘને સાથળ થયા. પૃથ્વીના તેજથી કટિ પશ્ચાત્
ભાગ થયો. ॥ ૧૪ ॥

ब्रह्मणस्तेजसापादौतदंगुल्योर्कतेजसा । वसु
नांचकरांगुल्य : कौबेरेणचनासिका ॥ १५ ॥

બ્રહ્માના તેજથી પગ થયા. સૂર્યના તેજથી તેની
પગની આંગળીયો થઇ. વસુના તેજથી હાથની આંગ-
ળીયો થઈ ને કુબેરના તેજથી નાક થયું. ॥ ૧૫ ॥

तस्यास्तुदंताः संभूताः प्राजापत्येनतेजसा ॥
नयनत्रितयंजज्ञेतथापावकतेजसा॥ १६ ॥

પ્રજા પતિના તેજથી તેના દાંત ઉત્પન્ન થયા અ-
ગ્નિના તેજથી તેની ત્રણ આંખો થઈ. ॥ ૧૬ ॥

भ्रुवौचसंध्ययोस्तेजः श्रवणावनिलस्यच ॥
अन्येषांचैवदेवानांसंभवस्तेजसांशिवा ॥ १७ ॥

સંધ્યાના તેજથી તેનાં બે ભવાં થયાં. વાયુના
તેજથી તેના બે કાન થયા. બધા દેવોના તેજના
સમુદાયથી દેવીની ઉત્પત્તિ થઈ. ॥ ૧૭ ॥

ततः समस्तदेवानांतेजोराशिसमुद्भवाम् ॥ तां
विलोक्यमुदंप्रापुरमरामहिषार्दिताः ॥ १८ ॥

પછી સમસ્ત દેવતાના તેજના સમુદાયથી ઉત્પન્ન

થયેલી તે દેવીને જોઇને મહિષાસુરથી પીડાયેલા દેવતાઓ આનંદ પામ્યા. ॥ ૧૮ ॥

शूलंशूलाद्विनिष्कृष्यददौतस्यैपिनाकधृक् ॥
चक्रंचदत्तवान्कृष्ण : समुत्पाटयस्वचक्रत : ॥ १९ ॥

પિનાક ધનુષ ધરનાર શિવજીયે પોતાનાં ત્રિશૂલમાંથી ત્રિશૂલ ખેંચી કાહાડીને દેવીને આપ્યું, અને વિષ્નુયે પોતાનાં ચક્રમાંથી ચક્ર કાહાડી આપ્યું. ॥ ૧૯ ॥

शंखंचवरुण : शक्तिंददौतस्यैहुताशन : ॥ मा
रुतोदत्तवांश्चापंवाणपूर्णौतथेषुधी ॥ २० ॥

વરૂણે શંખ આપ્યો. અગ્નિયે શાંગ આપી, પવને ધનુષ અને બાણથી ભરપૂર બે ભાથા આપ્યા ॥ ૨૦ ॥

वज्रमिंद्र : समुत्पाटयकुलिशादमराधिप : ॥ द
दौतस्यैसहस्राक्षोघंटामैरावताद्गजात् ॥ २१ ॥

દેવતાઓના અધિપતિ ઈંદ્રે પોતાના વજ્રમાંથી વજ્ર કાહાડી આપ્યું. તેમજ ઐરાવત હાથી પાસેથી ઘંટા લેઇને આપી. ॥ ૨૧ ॥

कालदंडाद्यमोदंडंपाशंचांबुपतिर्ददौ ॥ प्रजा
पतिश्चाक्षमालांददौब्रह्माकमंडलुम् ॥ २२ ॥

યમ રાજાયે પોતાના કાળ દંડનામના દંડમાંથી દંડ કાહાડીને આપ્યો. વરૂણે પાશલો આપ્યો દક્ષાદિ પ્રજાપતિયે અક્ષમાલા આપી, અને બ્રહ્માયે કમંડલુ આપ્યું. ॥ ૨૨ ॥

समस्तरोमकूपेषुनिजरश्मीन्दिवाकर : ॥ काल
श्चदत्तवान्खड्गंतस्याश्चर्मचनिर्मलम् ॥ २३ ॥

સૂર્યે બધા રૂવાંનાં છિદ્રમાં પોતાનાં કિર્ણો પુર્યાં, કાળે તે દેવીને ઢાલ તથા ચકચકીત તલવાર આપી. ॥ ૨૩ ॥

क्षीरोदश्चामलंहारमजरेचतथांबरे ॥ चूडा
मणितथादिव्यंकुंडलेकटकानिच ॥ २४ ॥

ક્ષિર સમુદ્રે નિર્મલ હાર, બે નવાં વસ્ત્ર, દિવ્ય ચૂડામણી, કુંડલ અને કંકણ આપ્યાં. ॥ ૨૪ ॥

अर्धचंद्रंतथाशुभ्रंकेयूरान्सर्वबाहुषु ॥ नूपु
रौविमलौतद्वद्ग्रैवेयकमनुत्तमम् ॥ २५ ॥

અર્ધ ચંદ્ર (કપાલમાં ચોડવાનો ચાંડલો) સર્વ બાહુ વાસ્તે બાજુ બંધ, બે ઝળકતા નેપુર, કંઠમાલા, (ગલામાં પેહેરવાનું ઘરેણું) ॥ ૨૫ ॥

अंगुलीयकरत्नानिसमस्तास्वंगुलीषुच ॥
विश्वकर्माददैतस्यैपरशुंचातिनिर्मलम् ॥ २६ ॥

અને સર્વ આંગળીઓમાં પેહેરવા વાસ્તે ઊંચી વીટીઓ આપી. વિશ્વકર્માએ તેને અતી નિર્મલ ફરશી આપી. ॥ ૨૬ ॥

अस्त्राण्यनेकरूपाणितथाभेद्यंचदंशनम् ॥

अम्लानपंकजांमालांशिरस्युरसिचापराम् ॥ २७ ॥

તેમજ નાહાના પ્રકારના અસ્ત્ર અને કોઈથી ભેદાય નહીં એવું કવચ આપ્યું. સમુદ્રે કદી કરમાય નહીં એવાં કમલનાં ફૂલની માલા માથે બાંધવાની, અને બીજી ગલામાં નાંખવાની આપી ॥ ૨૭ ॥

अददज्जलधिस्तस्यैपंकजंचातिशोभनम् ॥

हिमवान्वाहनंसिंहंरत्नानिविविधानिच ॥ २८ ॥

તથા અતી સુંદર એક કમલ આપ્યું. હિમાલયે સિંહનું વાહન આપ્યું. ને તરેહ તરેહનાં રત્ન આપ્યાં. ॥ ૨૮ ॥

ददावशून्यंसुरयापानपात्रंधनाधिप : ॥

शेषश्चसर्वनागेशोमहामाणिविभूषितम् ॥ २९ ॥

ધનના અધિપતિ કુબેરે મદિરાથી ભરેલ એક પાત્ર આપ્યું. સર્વ નાગના મુખી શેષનાગે; મ્હોટા મણીથી શોભાયમાન એવો ॥ ૨૯ ॥

नागहारंददौतस्मैयधत्तेय: पृथिवीमिमांम् ॥
अन्यैरपिसुरैर्देवीभूषणैरायुधैस्तथा ॥ ३० ॥

દેવલોકમાં બનેલો એક હાર આપ્યો. કે જે શેષનાગ આખી પૃથ્વીને ધારણ કરેછે, તેમજ બીજા દેવતાઓથી પણ ભૂશણ અને આયુધવડે ॥ ૩૦ ॥

संमानितानानादोच्चैः साट्टहासंमुहुर्मुहु : ॥
तस्यानादेनघोरेणकृत्स्नमापूरितंनभ : ३१ ॥

સત્કાર કરાયેલી દેવિએ; વારે વારે ઊંચા સ્વરથી ત્રાસ કારક હસવાની સાથે એક ગર્જના કરી તેના ઘોર અવાજથી આકાશ પુરાઈ ગયું. ॥ ૩૧ ॥

अमायतातिमहताप्रतिशब्दोमहानभूत् ॥
चुक्षुभुः सकलालोकाः समुद्राश्चचकंपिरे ॥ ३२ ॥

ત્રીલોકમાં નમાતા એવા મ્હોટા શબ્દથી. મ્હોટો પડછંદો થયો. સર્વ લોક ગભરાયા; ને સમુદ્ર બધા કંપવા લાગ્યા. ॥ ૩૨ ॥

चचालवसुधाचेलुः सकलाश्चमहीधराः ॥
जयेतिचमुदादेवास्तामूचुः सिंहवाहिनीम् ॥ ३३ ॥

પૃથ્વિ ધ્રુજવા લાગી બધા પાહાડો ડોલવા લાગ્યા. સર્વ દેવતાઓએ સિંહ વાહિની દેવીને જય જય એવો શબ્દ કહો. ॥ ૩૩ ॥

तुष्टुवुर्मुनयश्चैनांभक्तिनम्रात्ममूर्तयः दृष्ट्वा
समस्तंसंक्षुब्धंत्रैलोक्यममरारयः ॥ ३४ ॥

જેનાં શરીર ભકિતથી નમી ગયાંછે એવા મુનીઓ

તે દેવીની સ્તુતિ કરવા લાગ્યા. દેવતાઓના શત્રુ દૈત્યોએ, સર્વ ત્રિલોકી ગભરાઈ ગઈ જોઈ બધી ફોજ તૈયાર કરી. ॥ ૩૪ ॥

सन्नद्धाखिलसैन्यास्तेसमुत्तस्थुरुदायुधा : ॥
आ: किमेतदितिक्रोधादाभाष्यमहिषासुर : ॥ ३५ ॥

સર્વે દૈત્યો આયુધ ઉગામીને લડવા ઉઠયા. અને મહિષાસુર અરે? આ શું ? એમ ક્રોધથી પોકાર કરીને. ॥ ૩૫ ॥

अभ्यधावततंशब्दमशेषैरसुरैर्वृत : ॥ सददर्
शंततोदेवींव्याप्तलोकत्रयांत्त्विषा ॥ ३६ ॥

સર્વ અસુરોથી વિટાયેલો તે દેવીના શબ્દ તરફ દોડયો. અને મહિષાસુરે જેની કાંતિ ત્રિલોકમાં વ્યાપ્ત થએલી છે. એવી દેવીને દીઠી. ॥ ૩૬ ॥

पादाक्रांत्यानतभुवंकिरीटोल्लिखितांबराम् ॥
क्षोभिताशेषपातालांधनुर्ज्यानि: स्वनेनताम् ॥ ३७॥

જેના પગના દબાણથી પૃથ્વિ નમેલીછે જેનો મુગટ આકાશે પોહોચેલોછે જેણે ધનુષની પ્રત્યંચાના (દોરીના) શબ્દથી બધા પાતાળોને ખળભળાવ્યાં છે. ॥ ૩૭ ॥

दिशोभुजसहस्रेणसमंताद्व्याप्यसंस्थिताम्
तत: प्रववृतेयुद्धंतयादेव्यासुराद्विषाम् ॥ ३८ ॥

હજાર ભુજાથી બધી દિશાઓમાં વ્યાપી રહેલી દેવીને દીઠી. તે દેવીને અસુરોની સાથે યુદ્ધ ચાલ્યું. ॥ ૩૮ ॥

शस्त्रास्त्रैर्बहुधामुक्तैरादीपितदिगंतरम् ॥
महिषासुरसेनानीश्चिक्षुराख्योमहासुर: ॥ ३९ ॥

યુધ્ધમાં કેટલીક જાતનાં મુકેલાં શસ્ત્ર અસ્ત્રથી દિશાઓના ભાગો પ્રકાશી રહ્યા છે એવી રીતે યુદ્ધ થયું ચિક્ષુર નામનો મહિષાસુરનો સેનાધિપતિ મ્હોટો અસુર. ॥ ૩૯ ॥

युयुधेचामरश्चान्यैश्चतुरंगबलान्वित : ॥ रथा
नामयुतै : षड्मिरुद्ग्राख्योमहासुर : ४० ॥

અને ચામર નામનો એક બીજો દૈત્ય, બીજા કેટલાએક દૈત્ય, હાથી, ઘોડા, પ્યાદા, અને રથ એવી ચતુરંગિણી સેનાથી લડવા લાગ્યો. ઉદગ્ર નામનો મ્હોટો અસુર ૬ અયુત એટલે સાઠ હજાર રથ લેઇને લડવા લાગ્યો. ॥ ૪૦ ॥

अयुद्धतायुतानांचसहस्त्रेणमहाहनु : ॥ पंचा
शद्भिश्चनियुतैरसिलोमामहासुर : ॥ ४१ ॥

મહા હનુ દૈત્ય એક કરોડ રથથી લડવા લાગ્યો. અસિલોમા નામે મ્હોટો અસુર ૫ કરોડ રથથી લડવા લાગ્યો. ॥ ૪૧ ॥

अयुतानांशते : शङ्भिर्बिडालोयुयुधेरणे ॥
गजवाजिसहस्रोधैरनेकैः परिवारितः ॥ ४२ ॥

બાષ્કલ નામનો અસુર ૬૦ લાખ રથથી જુદ્ધ કરવા લાગ્યો. બિડાલ નામનો અસુર હજારો હાથી, ઘોડા, ॥ ૪૨ ॥

वृतोरथानांकोटयाचयुद्धेतस्मिन्नयुद्धत ॥ बिडा
लाख्योयुतानांचपंचाशद्भिरथायुतै : ॥ ४३ ॥

અને કરોડો રથથી વિંટાઇ, તે લડાઇમાં લડયો. એવી રીતે જુદ્ધ કરતાં જયારે બધી ફોજનો નાશ

થયો; ત્યારે ફરીથી તે બિડાલ નામનો દૈત્ય પાંચ લાખ રથથી લડવા લાગ્યો. ॥ ૪૩ ॥

युयुधेसंयुगेतत्ररथानांपरिवारितः अन्ये
चतत्रायुतशोरथनागहयैर्वृता : ॥ ४४ ॥

તે રણસંગ્રામમાં બીજા કેટલાક દૈત્યો દશ હજાર હાથી, દશ હજાર રથ, દશ હજાર ઘોડાઓથી વિંટાઇ લડવા લાગ્યા. ॥ ૪૪ ॥

युयुधु : संयु . . सहतत्रमहासुरा : ॥ को
टिकोटिसहस्रै : स्तुरथिनांदंतिनांतथा ॥ ४५ ॥

તે રણસંગ્રામમાં મ્હોટા દૈત્યો દેવીની સામે લડવા લાગ્યા. તે વખતે મહિષાસુર એક ખર્વ રથ, એક ખર્વ હાથી, ॥ ૪૫ ॥

हयानांचवृतोयुद्धेतत्राभून्महिषासूर : ॥
तोमरैर्भिंदिपालैश्चशक्तिभिर्मुसलैस्तथा ॥ ४६ ॥

એક ખર્વ ઘોડાથી તે રણસંગ્રામમાં લડવા માં-
ડ્યો. ભાલાં ગોફણો, સાંગ તેમજ મૂશળ, ॥ ૪૬ ॥

युयुधु : संयुगेदेव्याखड्गै : परशुपाट्टिशै : ॥ केचि
च्चिक्षिपु : शक्ति : केचित्पाशांस्तथापरे ॥ ४७ ॥

તરવાર, ફરશી, અને પટ્ટિશ વડે દૈત્યો દેવીની
સાથે લડવા લાગ્યા. તેમાં કેટલાએક શાંગો ફેંકેછે
કેટલાએક પાશ ફેંકે છે. ॥ ૪૭ ॥

देवींखड्गप्रहारैस्तुतेतांहंतुंप्रचक्रमु : ॥ सापि
देवीततस्तानिशस्त्रास्त्राणिचंडिका ॥ ४८ ॥

કેટલાક ખડ્ગ લેઇ દેવીને મારવા દોડેછે, અને

ચંડિકા દેવી પણ દૈત્યોનાં નાંખેલ શસ્ત્ર અસ્ત્રને ॥ ૪૮ ॥

लीलयैवप्रचिच्छेदनिजशस्त्रास्त्रवर्षिणी ॥

अनायासाननादेवीस्तूयमानासुरर्षिभि : ॥ ४९ ॥

મહેનત વિના પોતાનાં શસ્ત્ર અસ્ત્રથી કાપી નાખ્યાં. અને અસ્ત્ર શસ્ત્રની વૃષ્ટિ કરવા લાગ્યાં. જેહેના મ્હો ઉપર પરિશ્રમ થયો જણાતો નથી એવાં, દેવતાઓ ને રૂષીઓ જેની સ્તુતી કરેછે; ॥ ૪૯ ॥

मुमोचासुरदेहेषुशस्त्राण्यस्त्राणिचेश्वरी ॥

सोपिक्रुद्धोधुतसटोदेव्यावाहनकेसरी ॥ ५० ॥

એવાં ઇશ્વરી દેવીએ અસુરોનાં શરીર ઉપર શસ્ત્ર અસ્ત્ર ફેંક્યાં. દેવીનું વાહન જે સિંહ હતો તે

સિંહ પોતાની કેશવાલીને હલાવતો હલાવતો કોપીને, ॥ ૫૦ ॥

चचारासुरसैन्येषुवनेष्विवहुताशन : ॥ नि:
श्वासान्मुमुचेयांश्चयुद्धमानारणेंबिका ॥ ५१ ॥

અસુરોની સેનામાં અગ્નિ, જેમ વનમાં ચાલ્યો જાય તેમ ચાલ્યો. દેવીએ લડાઇ કરતી વખતે રણમાં જે શ્વાસ મુકયા; ॥ ૫૧ ॥

तएवसद्य : संभूतागणा : शतसहस्रश : ॥ युयु
धुस्तेपरशुभिर्भिंदिपालासिपट्टिशै : ॥ ५२ ॥

તે શ્વાસમાંથી તરતજ હજારો ગણો ઉત્પન્ન થયા, તે ગણો ફરશી, ગોફણ, તરવાર, અને પટ્ટિશથી લડવા લાગ્યા. ॥ ૫૨ ॥

नाशयंतोसुरगणान्देवीशक्त्युपबृंहिता :॥
अवाद्यंतपटहान्गणा : शंखांस्तथापरे ॥ ५३ ॥

દેવીની શકિતથી ઉત્પન્ન થએલા તે ગણો દૈત્ય ગણોને નાશ કરેછે. અને કેટલાક પટહ (ઢોલ) બજાવેછે. કેટલાક શંખ નાદ કરેછે. ॥ ૫૩ ॥

मृदंगांश्चतथैवान्येतस्मिन्युद्धमहोत्सवे ॥
ततोदेवीत्रिशूलेनगदयाशक्तिवृष्टिभि : ॥ ५४ ॥

તે લડાઇના મ્હોટા ઓચ્છવમાં કેટલાક ગણો મૃદંગ (પખાજ) વગાડેછે. પછી દેવી ત્રિશૂલ, ગદા, અને સાંગની વૃષ્ટિથી- ॥ ૫૪ ॥

खड्गादिभिश्चशतशोनिजघानमहासुरान् ॥
पातयामासचैवान्यान्घंटास्वनविमोहितान् ॥ ५५ ॥

ખડ્ગ વિગેરે હથીયારોથી સેંકડો મ્હોટા મ્હોટા મ્હોટા દૈત્યોને મારવા લાગી. અને કેટલાકને ઘંટાના અવાજથી મુર્છિત કરીને પાડી નાખ્યા. ॥ ૫૫ ॥

असुरान्भुविपाशेनबध्वाचान्यानकर्षयत् ॥
केचिद्द्विधाकृतास्तीक्ष्णैःखड्गपातैस्तथापरे ॥ ५६ ॥

કેટલાક દૈત્યોને પાશલાથી બાંધી પૃથ્વી પર ઘસડવા લાગી. કેટલાક દૈત્યોને તિક્ષ્ણ તરવારના ઘાથી બે ફાડો કરી નાખી. ॥ ૫૬ ॥

विपोथितानिपातेनगदयाभुविशेरते ॥ वेमु
श्चकेचिद्रुधिरंमुसलेनभृशंहताः ॥ ५७ ॥

અને કેટલાક દૈત્યોને ગદા મારી તેથી પૃથ્વિ. ઉપર પડી ગયા. કેટલાકને જોરથી મુસળ માર્યું તેથી ઘણું લોહી નાખવા લાગ્યા. ॥ ૫૭ ॥

केचिन्निपतितांभूमौभिन्ना : शूलेनवक्षसि ॥
निरंतरा : शरौघेणकृता : केचिद्रणाजिरे ॥ ५८ ॥

કેટલાકને ત્રિશૂલથી છાતી ફાડી નાખી તેથી ભોંયે પડયા. અને રણભુમીમાં બાણુના ઓઘથી કેટલાકને માર્યા. ॥ ૫૮ ॥

सेनानुकारिण : प्राणान्मुमुचुस्त्रिदशार्दना : ॥
केषांचिद्बाहवश्छिन्नाश्छिन्नग्रीवास्तथापरे ॥ ५८ ॥

સેના આગળ ચાલનાર, દેવતાઓને પીડનારા, દૈત્યોએ પ્રાણ મુકયાં. કેટલાએકની ભુજા કપાઇ ગઈ. કેટલા એકના ગળા કપાઇ ગયાં. ॥ ૫૯ ॥

शिरांसिपेतुरन्येषामन्येमध्येविदारिताः ॥
विच्छिन्नजंघास्त्वपरेपेतुरूर्व्यांमहासुराः ॥ ६१ ॥

કેટલાએકના માથાં પડી ગયાં અને કેટલાએકની કમ્મર કાપી નાખી. જેની જાંઘ કપાઇ ગઇછે એવા મોહોટા દૈત્યો પૃથ્વિપર પડયા.' ॥ ૬૦ ॥

एकबाव्हक्षिचरणाःकेचिद्देव्याद्विधाकृताः ॥
छिन्नेपिचान्येशिरसिपतिताःपुनरूत्थिताः ॥ ६२ ॥

કેટલાક એક હાથ વાળા, કેટલાક એક આંખ વાળા, કેટલાક એક પગ વાળા, પૃથ્વિ પર પડયા. કેટલાકના દેવીએ બે કડકા કરી નાખ્યા. બીજા કેટલાકનાં માથાં કપાઇ ગયાં તોપણ પૃથ્વિપર પડીને પાછા ઊઠયા. ॥ ૬૧ ॥

कबंधायुयुधुर्देव्यागृहीतपरमायुधाः ॥ नन्र्
तुश्चापरेतत्रयुद्धेतूर्यलयाश्रिताः ॥ ६३ ॥

ને તેઓનાં ધડો હાથમાં મ્હોટા હથીયારો લેઈને દેવીની સાથે લડવા લાગ્યાં. બીજા કેટલાક યુધ્ધની અંદર વાદિત્ર, અને લયનો (સ્વરનો એક ભેદ છે) આશ્રય કરીને નાચવા લાગ્યા. ॥ ૬૨ ॥

कबंधाश्छिन्नशिरसःखड्गशक्त्यृष्टिपाणयः ॥
तिष्ठतिष्ठेतिभाषंतोदेवीमन्येमहासुराः ६४

જેનાં માંથા કાપેલાં છે, અને તલવાર, સાંગ, ભાલું, જેના હાથમાં છે. અવાં મ્હોટાં ધડો તું ઊભીરે? ઉભીરે! એમ દેવીને બોલતાં લડે છે. ॥ ૬૩ ॥

पातितैरथनागाश्वैरसुरैश्चवसुंधरा ॥ अग
म्यासाभवत्तत्रयत्राभूत्समहारणः ॥ ६५ ॥

જે. ઠેકાણે તે મોટી લડાઈ થઈ ત્યાંની તે જમીન,

પાડી નાખેલા રથ, હાથી, ઘોડા, અને દૈત્યોથી ભયંકર કોઈથી જઇ ન સકાય એવી થઇ. ॥ ૬૪ ॥

शोणितौघामहानद्यःसद्यस्तत्रप्रसुस्त्रुवुः ॥
मध्येचासुरसैन्यस्यवारणासुरवाजिनाम् ॥ ६६ ॥

દૈત્યની સેનાની અંદર હાથી, અસુરો, અને ઘોડાઓના લોહીના પ્રવાહવાળી મોટી નદીઓ એકાએક વેહેવા લાગી. ॥૬૫ ॥

क्षणेनतन्महासैन्यमसुराणांतथांबिका ॥ नि
न्येक्षयंयथावन्हिस्तृणदारूमहाचयम् ६७

દેવીએ અસુરોની મોહોટી સેનાને જેમ અગ્નિ, ઘાંસ અને લાકડાના મોટા જથ્થાને બાળી નાખે તેમ ક્ષણમાત્રમાં નાશ કર્યા. ॥ ૬૬ ॥

सचासिंहोमहानादमुत्सृजन्धुतकेसरः ॥ श
रीरेभ्योमरारीणामसूनिवविचिन्वति ६८

અને દેવીનો સિંહ પોતાની કેશવાળી ને હલાવીને મોટો અવાજ કરતો જાણે દૈત્યના શરીરમાં તેઓનાં પ્રાણ શોધતો હોયને! ॥ ૬૭ ॥

देव्यागणैश्चतैस्तत्रकृतंयुद्धंतथासुरैः ॥ यथै
षांतुष्टुवुर्देवाः पुष्पवृष्टिमुचोदिवि ॥ ६९ ॥

દેવીના ગણો અને અસુરોની વચ્ચે એવું યુદ્ધ થયું કે દેવતાઓએ સંતોષ માનીને આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ કરી. ॥ ૬૮ ॥

इतिश्री मार्कंडेयपुराणेसावर्णिकेमन्वंतरेदे
वीभगवतीमाहात्म्येमाहिषासुरसैन्यवधोना
मद्वितीयोध्यायः ॥ २ ॥

ઈરીતે મર્કંડેય પુરાણમાં સાવર્ણિક મન્વંતરમાં દેવી મહાત્મમાં મહિષાસુરની સેનાના વધ સંબંધી બીજો અધ્યાય પુરો થયો.



ऋषिरुवाच । निहन्यमानंतत्सैन्यमवलोक्य
महासुरः ॥ सेनानीश्चिक्षुरः कोपाद्ययौयोद्धु
मथांबिकाम् ॥ १ ॥

રૃષિ કહેછે. મારી નાખેલી પોતાની સેના જોઇ-
ને મહિષાસુરનો સેનાધિપતિ ચિક્ષુર એવે નામે
લડાઈ કરવા સારૂ ક્રોધથી દેવીની સામે દો-
ડયો. ॥ ૧ ॥

सदेवींशरवर्षेणववर्षसमरेसुरः ॥ यथामेरु.
गिरेः शृंगंतोयवर्षेणतोयदः ॥ २ ॥

અને જેવી રીતે વરસાદ મેરૂનાં શીખર પર વર્ષે તેમ
લડાઇમાં દેવી ઊપર બાણોનો વરસાદ વરસાવ્યો. ॥ ૨ ॥

तस्यछित्वाततोदेवीलीलयैवशरोत्करान् ॥
जघानतुरगान्बाणैर्यंतारंचैववाजिनाम् ३

પછી દેવીએ દૈત્યના બધા બાણોને સેહેજ વારમાં કાપી નાખીને તેમના ઘોડાઓ અને સારથીને બાણોથી ઠાર માર્યા. ॥ ૩ ॥

चिच्छेदचधनुः सद्योध्वजंचातिसमुच्छ्रितम्
विव्याधचैवगात्रेषुछिन्नधन्वानमाशुगैः ॥ ४ ॥

અને તેનું ધનુષ તથા અતિ ઊંચી ધજાને જલદીથી કાપી નાખી. જેનું ધનુષ કપાઇ ગએલું છે, એવા દૈત્યના શરીરના અવયવો બાણથી વીંધ્યા. ॥ ૪ ॥

सछिन्नधन्वाविरथोहताश्वोहतसारथिः ॥
अभ्यधावततांदेवींखङ्गचर्मधरोऽसुरः ॥ ५ ॥

ધનુષ, રથ, ઘોડાઓ, અને સારથી વિગેરેનો નાશ થયો; તેથી તે દૈત્ય હાથમાં ઢાલ તરવાર, લેઇને દેવીની સામો દોડયો ॥ ૫ ॥

सिंहमाहत्यखड्गेनतीक्ष्णधारेणमूर्धनि ॥ आ

जघानभुजेसव्येदेवीमप्यातिवेगवान् ॥ ६ ॥

આકરી ધાર વાલી, તરવાર સિંહના માથામાં મારીને પછી દેવીના ડાબા હાથ ઉપર અતિ વેગથી મારી. ॥ ૬ ॥

तस्याः खड्गोभुजंप्राप्यपफालनृपनंदन ॥ त

तोजग्राहशूलंसकोपादरुणलोचनः ॥ ७ ॥

હે! રાજ પુત્ર, તે તલવાર દેવીના હાથ પરં પડતાં તેના ચુરેચુરા થઇ ગયા. કોપથી જેની આંખ લાલ થઇ ગઇછે એવા તે અસુરે ત્રિશૂલ લીધું. ॥ ૭ ॥

चिक्षेपचततस्तत्तुभद्रकाल्यांमहासुरः ॥ जा

ज्वल्यमानंतत्तेजोराविबिंबामिवांवरात् ॥ ८ ॥

અને મહાઅસુરે તે ત્રિશૂલ ભદ્રકાલી ઉપર ફેકયું. સૂર્યના બિંબ જેવું, તેજથી પ્રકાશતું. આકાશમાંથી આવતું. ॥ ૮ ॥

दृष्ट्वातदापतच्छूलंदेवीशूलममुंचत ॥ तच्छू
लंशतधातेननीतंसचमहासुर : ॥ ९ ॥

તે ત્રિશૂલ જોઇને તે સામું દેવીએ પોતાનું ત્રિશૂલ ફેકયું. દેવીના ત્રિશૂલે દૈત્યના ત્રિશૂલના સો કડકા કરી નાખ્યા; તેમજ અસુરના પણ સો કડકા કર્યા; ॥ ૯ ॥

हतेतास्मिन्महावीर्येमहिषस्यचमूपतौ ॥ आ
जगामगजारूढश्चामरास्त्रिदशार्दन : ॥ १० ॥

મહા પરાક્રમી મહિષાસુરનો તે સેનાપતિ મુઆ-

પછી દેવોને પીડનાર ચામર દૈત્ય હાથી ઉપર બેસીને લડવા આવ્યો. ॥ ૧૦ ॥

सोपिशक्तिंमुमोचाथदेव्यास्तामंबिकाद्रुतम्
हुंकाराभिहतांभूमौपातयामासनि : प्रभाम् ॥ ११ ॥

તે દૈત્યે પણ દેવી ઉપર સાંગ ફેંકી. દેવીએ હું-કાર શબ્દ કરી તેની કાંતિ હણીને પૃથ્વી ઉપર પાડી નાખી. ॥ ૧૧ ॥

भग्नांशक्तिंनिपतितांदृष्ट्वाक्रोधसमान्वित : ॥
चिक्षेपचामर : शूलंबाणैस्तदपिसाच्छिनत् ॥ १२ ॥

ભાંગેલી તથા પડી ગએલી શક્તિ જોઇને ચામરે ક્રોધ પૂર્ણ થઇને દેવી ઉપર 'ત્રિશૂલ ફેંક્યું' દેવીએ ત્રિશૂળને પણ બાણથી કાપી નાખ્યું. ॥ ૧૨ ॥

ततः सिंहः समुत्पत्यगजकुंभांतरेस्थितः बा
हुयुद्धेनयुयुधेतेनोच्चैस्त्रिदशारिणा ॥ १३ ॥

ત્યાર પછી સિંહ છલંગ મારીને હાથીના કુંભ-
સ્થળ ઉપર ચડી ગયો. અને તે દૈત્યની સાથે ભારે
બાહુ યુદ્ધથી લડયો. ॥ ૧૩ ॥

युध्यमानौततस्तौतुतस्मान्नागान्महींगतौ ॥
युयुधातेतिसंरब्धौप्रहारैरतिदारुणैः १४ ॥

લડાઈ કરતાં તે બે જણા સિંહને દૈત્ય હાથી ઉ-
પરથી પૃથ્વીપર પડયા, અને અતિ કોપ કરીને ઘણો-
જ ભયંકર માર મારીને લડવા લાગ્યા. ॥ ૧૪ ॥

ततोवेगात्खमुत्पत्यनिपत्यचमृगारिणा ॥
करप्रहारेणशिरश्चामरस्यपृथक्कृतम् ॥ १५ ॥

પછી સિંહે ઝડપથી ઉંચી છલંગ મારીને જરા ઉતરીને પોતાના હાથના પંજાથી ચામરનું માથું ધડથી જૂદું કરી નાખ્યું. ॥ ૧૫ ॥

उदग्रश्चरणेदेव्याशिलावृक्षादिभिर्हत : ॥ दं
तमुष्टितलैश्चैवकरालश्चनिपातित : ॥ १६ ॥

લડાઈમાં દેવીએ ઉદગ્રને પથ્થર ઝાડ વિગેરેથી મારી નાખ્યો, અને કરાલને દાંત, મુઠી, ને થપાટથી મારી પાડયો. ॥ ૧૬ ॥

देवीक्रुद्धागदापातैश्चूर्णयामासचोद्धतम् ॥ बा
ष्कलंभिंदिपालेनबाणैस्ताम्रंतथांधकम् ॥ १७ ॥

ક્રોધાયમાન દેવીએ ગદાના મારથી મદોન્મત્ત બાષ્કલના ચુરેચુરા કરી નાખ્યા. ગોફણથી. તામ્રને અને બાણથી અંધકની માર્યો. ॥ ૧૭ ॥

उग्रास्यमुग्रवीर्यंचतथैवचमहाहनुम् ॥ त्रिने
त्राचत्रिशूलेनजघानपरमेश्वरी ॥ १८ ॥

ત્રણ નેત્ર વાળી પરમેશ્વરી દેવીએ ઉગ્રાસ્ય ઉગ્રવી-
ર્ય અને મહા હનુને ત્રિશુલથી મારીનાખ્યા. ॥ ૧૮ ॥

बिडालस्यासिनाकायात्पातयामासवैशिर : ॥
दुर्धरंदुर्मुखंचोभौशरैर्निन्येयमक्षयम् ॥ १९ ॥

ને બિડાલનું માથું તલવારે કરીને તેના ધડથી
પાડી નાખ્યું દુર્ધર અને દુર્મુખને બાણ મારી એ
બન્નેને યમના ધામમાં મોકલી દીધા. ॥ ૧૯ ॥

एवंसंक्षीयमाणेतुस्वसैन्येमहिषासुर : मा
हिषेणस्वरूपेणत्रासयामासतान्गणान् ॥ २० ॥

એમ પોતાની સેનાનો નાશ થઈ ગયો ત્યારે મ-

હિષાસુર પાડાના રૂપથી તે દેવીના ગણોને ખીવરાવવા લાગ્યો. ॥ ૨૦ ॥

काश्चिंतुडप्रहारेणक्षुरक्षेपैस्तथापरान् ॥ लां

गूलताडितांश्चान्यान्शृंगाभ्यांचविदारितान् ॥ २१ ॥

કેટલાએકને માથું મારીને કેટલાએકને પાટું મારીને કેટલાએકને પુછડું મારીને કેટલાએકને શીંગડાથી ચીરી નાખીને. ॥ ૨૧ ॥

वेगेनकांश्चिदपरान्नादेनभ्रमणेनच ॥ नि

श्वासपवनेनान्यान्पातयामासभूतले ॥ २२ ॥

કેટલાએકને હડફેટથી કેટલાએકને અવાજથી અને કેટલાએકને ઝડપથી આડો અવળો ફરીને, કેટલાકને નસ્કોરાના સ્વાસથી મહિષાસુરે પૃથ્વી ઉપર પાડી નાખ્યા. ॥ ૨૨ ॥

निपात्यप्रमथानीकमभ्यधावतसोसुर : ॥ सिं

हंहंतुंमहादेव्या : कोपंचक्रेततोऽम्बिका ॥ २३ ॥

તે મહિષાસુરે દેવીના ગણોની સેનાને પાયમાલ કરી નાખી, ને દેવીના સિંહને મારી નાખવા સારૂ સામો દોડયો, ત્યારે દેવી કોપાયમાન થઇ. ॥ ૨૩ ॥

सोपिकोपान्महावीर्य : खुरक्षुण्णमहितल : ॥

शृंगाभ्यांपर्वतानुच्चांश्चिक्षेपचननादच ॥ २४ ॥

મ્હોટા પરાક્રમ વાળો જેણે પોતાની ખરીએ કરીને પૃથ્વીને ખોદેલી છે એવા તે મહિષાસુરે શીંગડાથી પર્વતોને ઊંચા ફેંકીને ગર્જના કરી. ॥ ૨૪ ॥

वेगभ्रमणविक्षुण्णामहीतस्यव्यशीर्यत ॥

लांगूलेनाहतश्चाब्धि : प्लावयांमाससर्वत : ॥ २५ ॥

તે દૈત્યના ઝપાટાની સાથ ફરવાથી જમીન ફાટી

ગઇ પુંછડાના સપાટા લાગવાથી સમુદ્ર ચારે તરફ ફેલાઇ ગયો ॥ ૨૫ ॥

धुतशृंगविभिन्नाश्चखंडंखंडंययुर्घना : ॥ श्वा
सानिलास्ता : शतशोनिपेर्तुनभसोच्चला : ॥ २३ ॥

તેના શીંગડાં હલાવવાથી વીખેરાએલા વાદળના કડકે કડકા થઇ ગયા. શ્વાસના પવનથી ઉડીને સેંકડો પહાડ આકાશમાંથી હેઠે પડયા. ॥ ૨૬ ॥

इतिक्रोधसमाध्मातमापतंतंमहासुरम् ॥ द
दृष्ट्वासाचंडिकाकोपंतद्वधायतदाकरोत् ॥ २७ ॥

એ રીતે કોપાયમાન થએલા સામે આવતા મહિષાસુરને જોઈને ચંડિકા દેવીએ તેને મારવાં સારૂ તેજ વખતે કોપ કર્યો. ॥ ૨૭ ॥

साक्षिप्त्वातस्यवैपाशंतंवबंधमहासुरम् ॥ त
त्याजमाहिषंरूपंसोपिवद्धोमहामृधे ॥ २८ ॥

દેવીએ તેની ઉપર પાશ ફેંકીને તે મોહોટા અસુરને બાંધી લીધો. આ પ્રમાણે મ્હોટી લડાઈમાં બંધાએલો છે તેથી તેણે પાડાનું રૂપ છોડી દીધું. ॥ ૨૮ ॥

ततः सिंहोभवत्सद्योयावत्तस्यांबिकाशिरः ॥
छिनत्तितावत्पुरुषः खड्गपाणिरदृश्यत ॥ २९

પછી તરતજ સિંહ થયો, અને દેવી તેનું માથું કાપી નાખવા તત્પર થઈ. તેટલામાં તેણે તે રૂપ બદલી હાથમાં તરવાર ધારણ કરેલી છે એવો પુરૂષ થઈ સામો દેખાયો. ॥ ૨૯ ॥

ततएवाशुपुरुषंदेवीचिच्छेदसायकैः ॥ तंख
ड्गचर्मणासार्धंततः सोभून्महागजः ॥ ३० ॥

પછી દેવીએ પોતાના બાણુથી ઢાલ તરવાર સહિત તે પુરૂષને કાપી નાખ્યો કે તરતજ તે મ્હોટો હાથી થઇ સામો ઉભો રહ્યો. ॥ ૩૦ ॥

करेणचमहासिंहंतंचकर्षजगर्जच ॥ कर्षत
स्तुकरंदेवीखड्गेननिरकृंतत ॥ ३१ ॥

તેણે પોતાની સુંઢથી દેવીના સિંહને ખેંચીને મોટી ગર્જના કરી, ત્યારે દેવીએ તરવારથી તેની સુંઢ કાપી નાખી. ॥ ૩૧ ॥

ततोमहासुराभूयोमाहिषंवपुरास्थित : ॥ तथै
वक्षोभयामासत्रैलोक्यंसचराचरम् ॥ ६२ ॥

પછી મોટા અસુરે ફરી પાડાનું રૂપ લેઈને સચરાચર ત્રિલોકીને ભયભીત કરી. ॥ ૩૨ ॥

तत : क्रुद्धाजगन्मानाचंडिकापानमुत्तमम् ॥ प

पैापुन : पुनश्चैवजहासारुणलोचना ॥ ३६ ॥

પછી કોપેલાં જગતની માતા ચંડીએ' ઉ-તમ મદિરાનું પાન કર્યું તેથી તેની આંખ લાલચોળ થઇ ગઇ અને વારંવાર ખડ ખડ હસવા લાગી. ॥ ૩૩ ॥

ननर्द्दचासुर : सोपिबलवीर्यमदोद्धत : ॥ विषा

णाम्यांचांचिक्षेपचंडिकांप्रातिभूधरान् ॥ ३४ ॥

બળ અને વીર્યના મદથી ઊન્મ-ત થએલા મહિ-ષાસુરે ગાંગરવા માડયું. પોતાના બે શીંગડાથી ઉચ્ચ-કીને દેવી સામા પર્વતો ફેંકયા. ॥ ૩૪ ॥

साचतान्प्रहितांस्तेनचूर्णयंतीशरोत्करै : ॥ उ

वाचतंमदोध्धुतमुखरागाकुलाक्षम् ॥ ३५ ॥

અસુરે ફેંકેલા પર્વતોને બાણથી ચુરે ચુરા કરતાં, મદિરાના કેફથી જેના મ્હોંઢાનો રંગ ઘણો લાલ થઇ

ગયો છે એવાં તે દેવી મોઢેથી ભાંગા તુટા શબ્દો
આ પ્રમાણે બોલ્યા. ॥ ૩૫ ॥

देव्युवाच ॥ गर्जगर्जक्षणंमूढमधुयावत्पिबा
म्यहं ॥ मयात्वयिहतेत्रैवगर्जिष्यंत्याशुदेवता :
॥ ३६ ॥

"હે! મૂઢ જ્યાંહાં સુધી હું મદિરા પીલઉં ત્યાં સુધી ગાજીલે! ગાજીલે! હું તુંને મારી નાખીશ કે દેવતાઓ તરત ગાજશે." ॥ ૩૬ ॥

ऋषिरुवाच ॥ एवमुक्तसमुत्पत्यसारूढा
तंमहासुरम ॥ पादेनाक्रम्यकंठेचशूलेनैनम
ताडयंत् ॥ ३७ ॥

રૂષી કેહે છે, એ પ્રમાણે દેવી બોલી, કુદીને મોટા અસુર ઊપર ચડી બેઠી. પોતાના પગવતે તેનું

ગળું દબાવીને તેને ત્રિશૂળ માર્યું. ॥ ૩૭ ॥

ततः सोपिपदाक्रांतस्तयानिजमुखात्ततः ॥ अ
र्धनिष्क्रांतएवासीद्देव्यावीर्येणसंवृतः ॥ ३८ ॥

પગથી દબાએલો મહિસાસુર પોતાના મ્હોઢામાથી (પાડાના સ્વરૂપના મ્હોઢામાંથી) અર્ધો નીકળ્યો, અને દેવીનાં પરાક્રમથી ઘેરાયો. ॥ ૩૮ ॥

अर्धनिष्क्रांतएवासौयुद्धमानोमहासुरः ॥ त
यामहासिनादेव्याशिरश्छित्वानिपातितः ॥ ३९ ॥

અને તે અસુર અર્ધો નિકળેલોજ લડવા લાગ્યો, દેવીએ મ્હોટી તરવારથી તેનું માથું કાપીને પાડી નાંખ્યો. ॥ ૩૯ ॥

ततोहाहाकृतंसर्वंदैत्यसैन्यंननाशतत् ॥ प्र
हर्षंचपरंजग्मुः सकलादेवतागणाः ४० ॥

ત્યારે તે દૈત્યની સેના હાહાકાર શબ્દ કરતી નાસી ગઈ, બધા દેવતાઓ ઘણો હર્ષ પામ્યા. ॥ ૪૦ ॥

तुष्टुवुस्तासुरादेवाँसहदिव्यैर्महर्षिभि : ॥ ज

गुर्गंधर्वपतयोननृतुश्चाप्सरोगणा : ॥ ४१ ॥

દેવતાઓ મ્હોટા ઋષીઓ સહિત દેવીની સ્તુતિ કરવા લાગ્યા. ગંધર્વના પતિયો ગાવા લાગ્યા, અને અપ્સરાઓ નાચવા લાગી. ॥૪૧ ॥

॥ इतिश्रीमार्कंडेयपुराणेसावर्णिकेमन्वंतरेदे

वीभगवतीमाहात्म्येमहिषासुरवधोनामतृ

तीयोध्याय : ॥ ६ ॥

ઇરીતે માર્કંડેય પુરાણમાં સાવર્ણિક મન્વંતરમાં ભગવતિ માહાત્મ્યમાં મહિષાસુરનો વધ સબંધી ત્રીજો અધ્યાય સમાપ્ત.

ऋषिरुवाच ॥ शक्रादय : सुरगणानिहतेऽ
तिवीर्येतस्मिन्दुरात्मनिसुरारिबलेचदेव्या ॥
तांतुष्टुवु : प्रणतिनम्रशिरोधरांसावाग्भि : ॥
प्रहर्षपुलकोद्गमचारुदेहा : ॥ १ ॥

અતિ પરાક્રમી દુષ્ટ અંતઃકરણવાળો જાણે દૈત્યોનું મૂર્તિમાન બળ હોયનૈ? એવો જે મહિસાસુર તેને દેવીએ મારી નાખ્યો ત્યારે નમ્રતાઇથી જેની ડોક તથા ખભા નમેલા છે, અત્યંત હર્ષના રૂવાં ઉભાં થવાથી જેનાં શરીર શોભિતાં છે, એવા ઇંદ્રવિગેરે તે દેવતાઓ દેવીની સ્તુતી કરવા લાગ્યા. ॥ ૧ ॥

देव्यायाततमिदंजगदात्मशक्त्यानि : शेष
देवगणशक्तिसमूहमूर्त्या ॥ तामंबिकामखि
लदेवमहर्षिपूज्यांभक्त्यानता : स्मविदधातु
शुभानिसान : ॥ २ ॥

જે દેવીથી બધું જગત વ્યાપી રહ્યુંછે અને જે દેવી જગતની આત્મા અને શકિત રૂપેછે. સર્વ દેવોની શકિતનો સમુદાય એજ જેનું સ્વરૂપછે, સર્વ દેવતાઓ અને મ્હોટા રૂષીઓએ પૂજવા લાયક તે દેવી અંબિકાને અમે ભકિતથી નમસ્કાર કરીએ છીયે અને તે દેવી અમારૂં કલ્યાણ કરો. ॥ ૨ ॥

यस्या: प्रभावमतुलंभगवाननंतोब्रह्माहरश्च
नहिवक्तुमलंबलंच ॥ साचंडिकाखिलजग
त्परिपालनायनाशायचासुभभयस्यमतिंक
रोतु ॥ ३ ॥

જે દેવીનો અતુલ્ય પ્રતાપ તથા બળનું વર્ણન કરવાને શેષનાગ બ્રહ્મા, અને શિવજી પણ પૂર્ણ રીતે સમર્થ નથી; તે ચંડી દેવી સર્વ જગતનું રક્ષણ કરવા

સારૂ અને અસુરના ભયનો નાશ કરવા સારૂ મતિ કરો. (તૈયાર થાઓ.) ॥ ૩ ॥

॥ याश्री : स्वयंसुकृतिनांभवनेष्वलक्ष्मी : पापा
त्मनांकृतधियांहृदयेषुबुद्धि : श्रद्धासतांकु
लजनप्रभवस्यलज्जातांत्वानता :स्मपरिपाल
यदेविविश्वम् ॥ ४ ॥

હે ! દેવી, પુણ્ય વાનના ઘરમાં લક્ષ્મી રૂપ પાપી પુરૂષના ઘરમાં દ્રરિદ્ર રૂપ, સારી બુદ્ધીવાળાના હૃદયમાં બુદ્ધિ રૂપ, સત્ પુરૂષને શ્રદ્ધા રૂપ સારા કુળમાં જન્મેલાની લજ્જા રૂપ તેને અમે નમસ્કાર કરીએ છીયે અને તમે જગતનું રક્ષણ કરો. ॥ ૪ ॥

॥ किंवर्णयामतवरूपमचिंत्यमेतत्किंचातिवी
र्यमसुरक्षयकारिभूरि ॥ किंचाहवेषुचरिता
नितवातियानिसर्वेषुदेव्यसुरदेवगणादिकेषु ॥ ५ ॥

જે વિચારમાં પણ આવી ન શકે એવું તમારૂં રૂપ તેનું અમે શું વર્ણન કરીએ? અને અસુરોનો ક્ષય કરનાર તમારૂં ઘણું પરાક્રમ તેનું અમે કેમ વર્ણન કરી શકીએ? અને લડાઇમાં દૈત્ય તથા દેવતાઓના ગણની અંદર તમારાં આશ્ચર્ય કરનારાં જે ચરિત્રો તેનું પણ શી રીતે વર્ણન કરી શકીએ? ॥ ૫ ॥

हेतु : समस्तजगतांत्रिगुणापिदोषैर्नज्ञायसे
हरिहरादिभिरप्यपारा ॥ सर्वाश्रयाखिल
मिदंजगदंशभूतमव्याकृताहिपरमाप्रकृति
स्त्वमाद्या ॥ ३ ॥

તમે સર્વ જગતને પેદા કરનાર છો, અને ત્રણ ગુણ (સત્વ રજતમ) વાળાં છો; તોપણ તમારામાં રાગ દ્વેષ વિગેરે કોઇ દોષ જણાતો નથી, અને વિષ્ણુ તથા

શિવ આદીએ પણ તમારો પાર જાણી શકાતો નથી. સર્વ જગતનાં આધાર રૂપ તમે છો આખું જગત તમારો અંશ છે, અને વિકાર રહિત જે આદિ મૂલ પ્રકૃતિ કહેવાય છે તે તમે છો ॥ ૬ ॥

यस्या : समस्तसुरतासमुदीरणेनतृप्तिंप्रया
तिसकलेषुमखेषुदेवी ॥ स्वाहासिवैपितृग
णस्यचतृप्तिहेतुरुच्चार्यसेत्वमतएवजनै : स्वधाच्च ॥ ७ ॥

જેનો ઉચ્ચાર કરવાથી સર્વે યજ્ઞામાં સર્વે દેવતાઓ તૃપ્તિ પામે છે એવાં સ્વાહા રૂપ તમે છો, અને પિતૃને પણ તૃપ્તિ કરનાર તમે છો; વાસ્તે લોકો શ્રાદ્ધાદિકમાં સ્વધા એમ બોલે છે. ॥ ૭ ॥

यामुक्तिहेतुरविचिंत्यमहाव्रतात्वमभ्यस्यसे
सुनियतेंद्रियतत्वसारै : ॥ मोक्षार्थिभिर्मुनि

भिरस्तसमस्तदोषैर्विद्यासिसाभगवतीपरमाहिदेवी
॥ ८ ॥

જે મોક્ષ કરનારાં અને જેના મહાવ્રત વિશે (અહિંસા વિગેરે) ચિંતવન પણ થઈ શકતું નથી એવાં તમે ઇંદ્રિયોને જીતનાર, તત્વોનો આધાર રાખનાર, મોક્ષને ઇચ્છનાર, જે ઓના રાગ દ્વેષ વિગેરે દોષો ગયેલા છે એવા મુનીઓ જેનો અભ્યાસ કરેછે એવી જે વિદ્યા (જ્ઞાન) તે ભગવતિ પરમ દેવી તમે છો. ॥ ૮ ॥

शब्दात्मिकासुविमलर्ग्यजुषांनिधानमुद्गीथ
रम्यपदपाठवतांचसाम्नाम् ॥ देवीत्रयीभ
गवतीभवभावनायवार्ताचिसर्वजगतांपर
मार्त्तिहंत्री ॥ ९ ॥

નિર્મળ રૂગવેદ યજુર્વેદ અને ઉગ્દીથથી સુંદર પ-

દના પાઠવાળો જે સામવેદ તેના મંત્રોના ભંડાર એવા શબ્દ સ્વરૂપ, બ્રહ્મ તે તમેછો. ત્રણ વેદરૂપ. પ્રાણીઓની જીવિકાને વાસ્તે ખેતી, વ્યાપાર, અને પશુપાળના ધંધા રૂપ, અને સર્વ જગતની ઘણી ઘણી પીડાનો નાશ કરનાર ભગવતી દેવી તમે છો. ॥ ૯ ॥

मेधासिदेविविदिताखिलशास्त्रसारादुर्गा
सिदुर्गभवसागरनौरसंगा ॥ श्री : कैटभारिह
दयैककृताधिवासागौरीत्वमेवशशिमौलिकृतप्रतिष्ठा
॥ १० ॥

હે? દેવી, શાસ્ત્રના સારને જાણનાર, ગંભીર સંસાર સાગરના વહાણરૂપી, અસંગ દુર્ગા તમો છો. કૈટભના શત્રુ એવા વિષ્ણુના હૃદયમાં હમેશાં વશનારાં જે લક્ષ્મી તે તમે છો, તેમજ જેના મુગટમાં ચંદ્ર છે

એવા મહાદેવના અર્ધ અંગમાં રહેનાર જે પાર્વતી તે તમે છો. ॥ ૧૦ ॥

ईषत्सहासममलंपरिपूर्णचंद्राबिंबानुकारि
कनकोत्तमकांतिकांतम् ॥ अत्यभ्दुतंप्रहृतमात्त
रुषातथापिवक्रंविलोक्यसहसामहिषासुरेण ॥ ११ ॥

મંદ મંદ હાસ્યવાળું ચોખું. પૂર્ણ ચંદ્રના બિંબ જેવું, સોના કરતાં પણ વધારે કાંતિથી શોભિતું તમારૂ મુખ જોઇને મહિષાસુરે ક્રોધે કરી એકાએક પ્રહાર કર્યો તે મ્હોટું આશ્ચર્ય છે! ૧૧

दृष्टातुदेविकुपितंभ्रूकुटीकरालमुद्यच्छशां
कसदृशच्छवियन्नसद्य : ॥ प्राणान्मुमोचम
हिषस्तदतीवचित्रंकैर्जीव्यतेहिकुपितांतकदर्शनेन
॥ १२ ॥

હો ! દેવી, કોપાયમાન, ભ્રૂકુટી વાંકી થવાથી ભયંકર, ઉગતા ચંદ્રના જેવું લાલ, તમારૂં મ્હોડું જોઇને મહિસુરે પ્રાણ છોડી ન દીધાં તે મ્હોટું આશ્ચર્ય છે? કારણકે કોપેલા કાળને જોઈને કોણ જીવતા રહે? ॥ ૧૨ ॥

देविप्रसीदपरमाभवतीभवायसद्योविनाश
यसिकोपवतीकुलानि ॥ विज्ञातमेतदधुनै
वयदस्तमेतन्नोतंवलंसुविपुलंमहिषासुरस्य १३ ॥

હે ? દેવી, તમે પ્રસન્ન થાઓ. ઉત્કૃષ્ટ એવાં તમે અમારા કલ્યાણને વાસ્તે અમારા દુશ્મનોના કુળનો જલદીથી કોપ કરીને નાશ કરો છો એવું મહિષાસુરની આટલી બધી સેનાનો હમણાં નાશ કર્યો તે ઉપરથીજ અને જાણી લીધું. ॥ ૧૩ ॥

तेसंमताजनपदेषुधनानितेषांतेषांयशांसि
नचसीदातिधर्मवर्ग : ॥ धन्यास्तएवनिभृता
त्मजभृत्यदारायेषांसदाभ्युदयदाभवतीप्रसन्ना ॥ १४ ॥

હે! દેવી, સર્વ મનોરથને દેવાવાળાં એવાં જે તમે તે જેઓની ઉપર પ્રસન્ન થાઓછો; તેઓજ દેશમાં માનીતા થાય છે, તેઓને ધન તથા યશ મળેછે, ધર્મ, અર્થ, કામ, તથા મોક્ષ એ ચાર પદાર્થો તેઓનાજ સિદ્ધ થાય છે. તેઓનેજ ધન્યછે, છોકરા, ચાકર, તથા સ્ત્રિઓ પણ તેઓનાજ સુખી રહેછે. ॥ ૧૪ ॥

धर्म्याणिदेविसकलानिसदैवकर्माण्यत्यादृत :
प्रतिदिनंसुकृतीकरोति ॥ स्वर्गंप्रयातिचततो
भवतीप्रसादाल्लोकत्रयेपिफलदाननुदेवितेन ॥ १५ ॥

હે ! દેવી, માણસ તમારી કૃપાથી પુણ્યવાન થઇને

હમેશાં અતિ આદર રાખીને ધર્મનાં સર્વ કર્મો કરેછે, અને તેથી કરી સ્વર્ગને પામેછે માટે ત્રણ લોકમાં ફળ દેવાવાળા તમોછો. ॥ १५ ॥

॥ दुर्गेस्मृताहरासिभीतिमशेषजंतो : स्वस्थैस्मृता
मतिमतीवशुभांददासि ॥ दारिद्यदु : खभय
हारिणिकात्वदन्यासर्वोपकारकरणायसदार्द्रचित्ता
॥ १६ ॥

હે દેવી, દુઃખના વખતમાં તમારૂં સ્મરણ કરવાથી સર્વે પ્રાણીઓના ભયનો નાશ કરોછો, અને સુખી માણસોએ તમારૂં સ્મરણ કર્યું હોય તો ઘણીજ સારી બુદ્ધિ આપોછો, દરિદ્રતા, દુઃખ, અને ભયનો નાશ કરનાર હે? દેવી સર્વના ઉપકાર કરવામાં દયાળુ અંતઃકરણવાળું તમારા શીવાય બીજું કોણછે? ॥૧૬॥

॥ एभिर्हतैर्जगदुपैतिसुखंतथैतेकुर्वंतुनामनर
कायच्चिरायपापम् ॥ संग्राममृत्युमधिगम्य
दिवंप्रयांतुमत्वेतिनूनमहितान्विनिहंसिदेवि ॥ १७ ॥

આ દૈત્યોને મારવાથી જગતને સુખ મળો, અને તેઓ નરકમાં જવા વાસ્તે ઘણા વખત સુધી પાપ કરો, તોપણ લડાઇમાં સામે પગલે મરવાથી સ્વર્ગ મેલવો; એવી રીતે માનીને ખરેખર તમે દુશ્મનોનો નાશ કરોછો. ॥ ૧૭ ॥

दृष्ट्वैवकिंनभवतीप्रकरोतिभस्मसर्वासुरान
रिषुयत्प्रहिणोषिशस्त्रम् ॥ लोकान्प्रयांतुरिप
वोऽपिहिशस्त्रपूताइत्थमतिर्भवतितेष्वपिते
षुसाध्वी ॥ १८ ॥

હે? દેવી, તમે નજરે જોઇનેજ સર્વ અસુરોને શું

ભસ્મ કરી નથી શકતાં? પણ તમારા શત્રુ ઉપર તમે શસ્ત્ર ફેંકો છો, એનું કારણ એછે કે શસ્ત્રથી કરી તેઓ પવિત્ર થઈ સ્વર્ગાદિક સુખને ભોગવો. તેઓની ઉપર પણ તમારી એવી સારી બુધ્ધિ છે. ॥ ૧૮ ॥

॥ खड्गप्रभानिकरविस्फुरणैस्तथोग्रैः शूलाग्र
कांतिनिवहेनदृशोसुराणाम् ॥ यन्नागताविल
यमंशुमादिदुखंडयोग्याननंतववविलोकयतां
तदेतत् ॥ १९ ॥

તરવારની કાંતીના ઘણા પ્રકાશથી તેમજ તમારા ત્રિશુળના ફળાંના પ્રકાશથી અસુરોની આંખ્યો ન અંજાઇ ગઈ તે ઘટિત છે. કારણ કે પુર્ણ ચંદ્ર કરતાં પણ વધારે ખુબસુરત તમારૂં મ્હોડું તેઓએ જોયું ॥ ૧૯ ॥

दुर्वृत्तवृत्तशमनंतवदेविशीलंरूपंतथैतदविचिंत्यमतुल्यमन्यैः ॥ वीर्यंचहंतृहतदेवपराक्रमाणां वैरिष्वापिप्रकटितैवदयात्वयेत्थम् ॥ २० ॥

હે? દેવી, તમારૂં શીલ દુષ્ટ પુરૂષોના પાપને નાશ કરનારૂં છે. તેમજ તમારી ખુબસુરતી, બીજા કોઈ પણ વિચાર કરી નશકે એવી અતુલ્ય છે, અને તમારાં પરાક્રમ, દેવતાઓના પરાક્રમનો નાશ કરનાર જે અસુરો તેઓને પણ નાશ કરનાર છે. આ રીતે દુશ્મનો ઉપર પણ તમે દયા જણાવી. ॥ ૨૦ ॥

॥केनोपमाभवतुतेस्यपराक्रमस्यरूपंचशत्रुभयकार्यतिहारिकुत्र ॥ चित्तेकृपासमरनिष्ठुरताचदृष्टात्वय्येवदेविवरदेभुवनत्रयेऽपि ॥ २१ ॥

હે? વર દેનાર, ત્રિલોકીમાં તમારા આ પરાક્રમની

બરોબરી કોની સાથે થાય? દુશ્મનોને ભય કરનાર અને મનોહર તમારી ખુબસુરતી તે પણ બીજે કયાં-હાં મળી આવે? ચિન્તમાં કૃપા, લડાઇમાં કઠોરતા તે પણ તમારામાંજ દીઠી. ॥ ૨૧ ॥

॥त्रैलोक्यमेतदखिलंरिपुनाशनेनत्रातंत्वया
समरमूर्धनितेपिहत्वा ॥ नीतादिवंरिपुगणा
भयमप्यपास्तमस्माकमुन्मदसुरारिभवंनमस्ते ॥ २२ ॥

દુશ્મનોનો નાશ કરી આખી ત્રિલોકીનું તમે રક્ષણ-કર્યું. લડાઇની વચમાં દુશ્મનોનો નાશ કરી સ્વર્ગ પ-હોચાડયા, અને મદોન્મત દૈત્યથી પેદા થએલો અ-મારા ભયનો પણ નાશ કર્યો. તમને નમસ્કાર ॥ ૨૨ ॥

शूलेनपाहिनोदेविपाहिखड्गेनचांबिके ॥ घं
टास्वनेननः पाहिचापज्यानिः स्वनेनच ॥ २३ ॥

હે? દેવી, તમે ત્રિશૂલથી તથા ખડ્ગે કરી અમારૂં રક્ષણ કરો. હે? અંબિકા, દેવી તમારા ઘંટાના અવાજથી, અને તમારા ધનુષની દોરી ના ટંકારવથી, અમારૂં રક્ષણ કરો. ॥ ૨૩ ॥

प्राच्यांरक्षप्रतिच्यांचचंडिकेरक्षदक्षिण ॥ भ्रा
मणेनात्मशूलस्यउत्तरस्यांतथेश्वरी ॥ २४ ॥

હે? દેવી, પુર્વ, પશ્ચિમ, દક્ષિણ, તથાઉતર દિશામાં તમારા ત્રિશુલને ફેરવીને અમારૂં રક્ષણ કરો ॥ ૨૪ ॥

सौम्यानियानिरूपाणित्रैलोक्येविचरंतिते
यानिचात्यंतघोराणितैरक्षास्मांस्तथाभुवम् ॥ २५ ॥

ત્રિલોકીમાં તમારાં શાંત અને અત્યંત ભયંકર (જગતનો પ્રલય કરનાર) સ્વરૂપ છે તેથી અમારૂં તથા પૃથ્વીનું રક્ષણ કરો. ॥ ૨૫ ॥

खड्गशूलगदादीनियानिचास्त्राणितेंबिके ॥
करपल्लवसंगीनितैरस्मान्रक्षसर्वत : ॥ २६ ॥

હે! અંબિકા ખડ્ગ ત્રિશૂલ તથા ગદા વિગેરે, પ-લ્લવ જેવા હાથમાં રહેવાવાળાં જે અસ્ત્રા તેથી ચારે તરફ અમારૂં રક્ષણ કરો. ॥ ૨૬ ॥

ऋषिरुवाच ॥ एवंस्तुतासुरैर्दिव्यै : कुसुमैर्नंद नोद्भवै : ॥ अर्चिताजगतांधात्रीतथागंधानुलेपनै : ॥ २७ ॥

રૂષી કહે છે. આરીતે જગતની માતા દેવી તેની દેવતાઓએ સ્તુતી કરી, અને દેવોના બાગમાંથી ઉ-ત્પન્ન થએલાં દિવ્ય પુષ્પોથી તેમજ જાત જાતનાં ચંદનથી પૂજા કરી. ॥ ૨૭ ॥

भक्त्यासमस्तैस्त्रिदशैर्दिव्यैर्धूपैस्तुधूपिता
माहप्रसादसुमुखीसमस्तान्प्रणतान्सुरान् ॥ २८ ॥

સર્વ દેવતાઓએ ભકિતથી દેવતાઇ ધુપથી જેને ધુપ કર્યો છે એવાં, જેના મ્હોડા ઉપર મેહેરબાનીનાં ચિન્હો દેખાઈ આવે છે; તેવાં દેવી, નમેલા સર્વ દેવતાઓને આ પ્રમાણે કહે છે. ॥ ૨૮ ॥

देव्युवाच ॥ व्रियतांत्रिदशाःसर्वैयदस्मत्तो
भिवांछितम् ॥ देवाऊचुः ॥ भगवत्याकृतं
सर्वंनकिंचिदवशिष्यते ॥ २९ ॥

હે! દેવતાઓ, તમે સર્વ જે તમારી ઇચ્છા હોય તે મ્હારી પાસેથી માગીલ્યો, દેવતાઓ કહે છે. તમે સર્વ અમારાં કાંમ કરી ચુકયાંછો બાકી કાંઇ રહ્યું નથી. ॥ ૨૯ ॥

यद्यंनिहतःशत्रुरस्माकंमहिषासुरः ॥ यदि
वापिवरोदेयस्त्वयास्माकंमहेश्वरि ॥ ३० ॥

કારણ કે આ મહિષાસુર અમારો દુશ્મન તેને તમોએ મારી નાખ્યો, તોપણ હે! મહેશ્વરી, અમને વર દેવાનાં હોતો, ૩૦

संस्मृतासंस्मृतात्वंनोहिंसेथाःपरमापदः ॥
यश्चमर्त्यस्तवैरेभिस्त्वांस्तोष्यत्यमलानने ॥ ३१ ॥

જયારે જયારે અમે તમને યાદ કરીયે ત્યારે ત્યારે અમારી ઊપર આવી પડેલી મ્હોટી પીડા ટાળશો. હે! નિર્મળ મુખવાળી, જે માણસ આ સ્તોત્રે કરીને તમારી સ્તુતિ કરે, ॥ ૩૧ ॥

तस्यवित्तर्द्धिविभवैर्धनदारादिसंपदाम् ॥ वृ
द्धयेस्मत्प्रपन्नात्वंभवेथाःसर्वदांबिके ॥ ३२ ॥

તેના દ્રવ્ય, સંપત્તિ મિલકત, સ્ત્રી, વિગેરેની વૃદ્ધિને વાસ્તે તેઓની ઉપર તમે પ્રસન્ન થશો એવું અમો માગીયે છિયે, અને અમે તમોને શરણાગત છિયે. ॥ ૩૨ ॥

ऋषिरुवाच ॥ इतिप्रसादितादेवैर्जगतोर्थे तथात्मनः ॥ तथेत्युक्काभद्रकालीबभुवांत र्हितानृप ॥ ३३ ॥

રૂષી કહે છે એ પ્રમાણે દેવતાઓએ જગતને માટે તેમજ પોતાને વાસ્તે પ્રસન્ન કરેલાં ભદ્રકાલી દેવી તથાસ્તુ એમ કહીને હે, રાજા! અલોપ થઇ ગયાં. ॥ ૩૩ ॥

इत्येतत्काथितंभूपसंभूतासायथापुरा ॥ देवी देवशरीरेभ्योजगतूत्रयाहितैषिणी ॥ ३४ ॥

ત્રણ લોકના હિતને ઇચ્છનાર, દેવી દેવતાઓના શરીરોમાંથી જેવી રીતે ઉત્પન્ન થયાં તે પ્રમાણે મેં તુંને કહી દેખાડ્યું. ॥ ૩૪ ॥

पुनश्चगौरीदेहात्सासमुद्भूतायथाभवत् ॥ व
धायदुष्टदैत्यानांतथाशुंभनिशुंभयो : ॥ ३५ ॥

ફરીને તે દેવી શુંભ તથા નિશુંભ, અને બીજા દુષ્ટ દૈત્યોને નાશ કરવાસારૂ પાર્વતીના શરીરમાંથી ઉત્પન્ન થયાં ॥ ૩૫ ॥

रक्षणायचलोकानांदेवानामुपकारिणी ॥ त
च्छृणुष्वमयाख्यातंयथावत्कथयामिते ॥ ३६ ॥

લોકોના રક્ષણ વાસ્તે દેવતાઓનો ઉપકાર કરવા સારૂ તે દેવીની ઉત્પત્તિ વિશે જે હું કહું તે સાંભળ. ॥ ૩૬ ॥

॥इतिश्रीमार्कंडेयपुराणेसावर्णिकेमन्वतंरेदे
वीभगवतीमाहात्म्येशक्रादिकृतस्तुंतिर्नाम
चतूर्थोंध्यायः ॥ ४ ॥

એ રીતે માર્કંડેય પુરાણમાં સાવર્ણિક મન્વંતરમાં દેવી ભગવતી મહાત્મ્યમાં શક્રાદિ દેવતાઓએ કરેલી સ્તુતી સંબંધીનો ચોથો અધ્યાય સંપૂર્ણ



देवाऊचुः ॥ नमोदेव्यैमहादेव्यैशिवायैसत
तंनमः ॥ नमःप्रकृत्यैभद्रायैनियताःप्रणताः
स्मताम् ७ ॥

रौद्रायैनमोनित्यायैगौर्यैधात्र्यैनमोनमः ॥
ज्योत्स्नायैचंद्ररूपिण्यैसुखायैसततंनमः ८

कल्याण्यैप्रणतांवृद्ध्यैसिद्ध्यैकूर्म्यैनमोनमः
नैर्ऋत्यैभूभृतांलक्ष्म्यैशर्वाण्यैतेनमोनमः ९
दुर्गायैदुर्गपारायैसारायैसर्वकारिण्यै ॥ ख्या
त्यैतथैवकृष्णायैधूम्रायैसततंनमः ॥ १० ॥

अतिसौम्यातिरौद्रायैनतास्तस्यैनमोनमः ।
नमोजगत्प्रतिष्ठायैदेव्यैकृत्यैनमोनमः ११
यादेवीसर्वभूतेषुविष्णुमायेतिशब्दिता ॥ न
मस्तस्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः १२

यादेवीसर्वभूतेषुचेतनेत्यभिधीयते ॥ नमस्त
स्यै ० ॥ १३ ॥

यादेवीसर्वभूतेषुबुद्धिरूपेणसंस्थिता ॥ नम
स्तस्यै ० ॥ १४ ॥

यादेवी ० निद्रारू ० ॥ नमस्तस्यै ॥ १५ ॥
यादेवी ० क्षुधारू ० ॥ नमस्तस्यै ० ॥ १६ ॥
यादेवी ० छायारूपे ० ॥ नमस्तस्यै ० ॥ १७ ॥
यादेवी ० शक्तिरू ० ॥ नमस्तस्यै ० ॥ १८ ॥
यादेवी ० तृष्णारू ० ॥ नमस्तस्यै ० ॥ १९ ॥
यादेवी ० क्षांतिरू ० ॥ नमस्तस्यै ॥ २० ॥
यादेवी ० जातिरू ० ॥ नमस्तस्यै ॥ २१ ॥
यादेवी ० लज्जारू ० ॥ नमस्तस्यै ० ॥ २२ ॥
यादेवी ० शांतिरू ० ॥ नमस्तस्यै ० ॥ २३ ॥
यादेवी ० श्रद्धारू ० ॥ नम ० ॥ २४ ॥

यादेवी ० कांतिरू ० ॥ नमस्तस्यै ० ॥ २५ ॥

यादेवी ० लक्ष्मीरू ० ॥ नमस्तस्यै ० ॥ २६ ॥

यादेवी ० वृत्तिरू ० ॥ नमस्तस्यै ० ॥ २७ ॥

यादेवी ० स्मृतिरू ० ॥ नमस्तस्यै ० ॥ २८ ॥

यादेवी ० दयारू ० ॥ नमस्तस्यै ० ॥ २९ ॥

यादेवी ० तुष्टिरू ० ॥ नमस्तस्यै ० ॥ ३० ॥

यादेवी ० मातृरू ० ॥ नमस्तस्यै ० ॥ ३१ ॥

यादेवी ० भ्रांतिरू ० ॥ नमस्तस्यै ० ॥ ३२ ॥

इंद्रियाणामधिष्ठात्रीभूतानांचाखिलेषुया ॥

भूतेषुसततंतस्यैव्याप्त्यैदेव्यैनमोनमः ३३

चितिरूपेणयाकृत्स्नमेतव्द्याप्यस्थिताजगत् ॥

नमस्तस्यै ० ॥ ३४ ॥

स्तुतासुरैः पूर्वमभीष्टसंश्रयात्तथासुरेंद्रेणदि
नेषुसेविता ॥ करोतुसानः शुभहेतुरीश्वरी
शुभानिभद्राण्यभिहंतुचापदः ॥ ३५ ॥
यासांप्रतंचोतद्धदैत्यतापितैरस्माभिरीशाच
सुरैर्नमस्यते यचस्मृतातत्क्षणमेवहंति
नःसर्वापदोभक्तिविनम्रमूर्तिभिः ३६

अनेनयथाकालेन यथाज्ञाने न आद्यंत अष्टोत्तरशत
नवार्णमंत्रजप आदौरात्रिसूक्त पश्चाद्देवीसूक्त सहित
मार्कंडेय पुराणां तर्गतसप्तशति नामक चरित्र जप-
कर्मणा कृतेन श्री महाकालि महालक्ष्मि महासरस्वत्या-
त्मक श्रीदुर्गाकात्यायनि चण्डिका प्रीयताम् तत्सत्
यदक्षरंपदंभ्रष्टं मात्राहनिंचय द्भवेत तत्सर्वंक्षम्य
तांदेवी प्रसीद परमेश्वरी



